RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 239* Date: 26.06.2024 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### બળવાખોર ધારાસભ્યોથી નારાજ શિવસૈનિકો રસ્તા પર ઉતર્યા, શિંદેની નજીકના ધારાસભ્ય સાવંતના ઘરે તોડફોડ કરી

## શિવસેનાના બળવાખોર ધારાસભ્યોનું જૂથ 'શિવસેના- બાળાસાહેબ ઠાકરે તરીકે ઓળખાશે

,ગોવાહાટી,તા.૨૫

ગુવાહાટીમાં બળવાખોર ધારાસભ્યોએ શિવસેના બાળાસાહેબ ઠાકરે નામના નવા જૂથની રચના કરવાની જાહેરાત કરી છે. આ જૂથમાં શિવસેનાના ૩૮ ધારાસભ્યો સામેલ છે. એકનાથ શિંદેના નેતૃત્વમાં બળવાખોર ધારાસભ્યોનું જૂથ હવે શિંદે સેનાને બદલે નવા નામથી ઓળખાશે. એકનાથ શિંદેના સમર્થક ધારાસભ્યોએ બહુમતી સાથે તેમના જૂથનું નામ આપ્યું છે. બહુમતીથી લેવાયેલા નિર્ણય હેઠળ હવે શિંદે જૂથ 'શિવસેના- બાળાસાહેબ ઠાકરે તરીકે ઓળખાશે. શિંદે જૂથના ઘણા ધારાસભ્યોનો અભિપ્રાય હતો કે તેમના જૂથને 'હિન્દુવાદી શિવસેના' કાર્યકરો તરીકે ઓળખવામાં આવે, પરંતુ બહુમતીએ 'શિવસેના- બાળાસાહેબ ઠાકરે'ની તરફેણમાં નિર્ણય લીધો.

ગઈકાલે પોતાના વિસ્ફોટક ભાષણમાં સીએમ ઉદ્ધવ ઠાકરેએ એકનાથ શિંદે જૂથ પર જોરદાર પ્રહારો કર્યા હતા. સીએમ ઠાકરેએ એવો પણ પડકાર ફેંક્યો હતો કે ઠાકરેની તસવીરો લીધા વિના તેમને જનતામાં ફરતા બતાવો. આજે એકનાથ શિંદે જૂથે તેના જૂથનું નામ બદલીને શિવસેના બાળાસાહેબ ઠાકરે રાખ્યું છે.

આજે (૨૫ જૂન, શનિવાર) સવારથી સતત પ્રશ્ન પૂછવામાં આવી રહ્યો હતો કે આજે એકનાથ શિંદે જૂથની રણનીતિ શું હશે? શું આજે શિવસેનાની રાષ્ટ્રીય કાર્યકારિણી બેઠકમાં એકનાથ શિંદેને બહારનો રસ્તો બતાવી શકાય? જો રાષ્ટ્રીય કાર્યકારિણી કડક નિર્ણય લેશે તો શિંદે જૂથની કાઉન્ટર સ્ટ્રેટેજી શું હશે? તેના પર શિવસેનાની રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠક પૂરી થાય તે પહેલા જ શિંદે જૂથે પોતાના જૂથનું નામ નક્કી કરી લીધું છે. શિંદે જૂથ દ્વારા લેવામાં આવેલા આ નિર્ણય પાછળ ત્રણ મહત્વપૂર્ણ કારણો જણાવવામાં આવી રહ્યા છે.

જયારથી એકનાથ શિંદે જૂથના બળવાખોર ધારાસભ્યો મુંબઈથી ગુજરાત અને ગુજરાતથી ગુવાહાટી ગયા છે, તેમાંથી કોઈએ એક પણ વાર કહ્યું નથી કે તેઓ હવે શિવસૈનિક નહીં રહે. ઉલટું તેમણે દાવો કર્યો છે કે તેઓ બાળાસાહેબના સાચા શિવસૈનિક છે. તેઓ બાળાસાહેબના હિંદુત્વના અભિયાનનું નેતૃત્વ કરી રહ્યા છે. તેમનો દાવો છે કે ઉદ્ધવ ઠાકરેની શિવસેના હિન્દુત્વથી ભટકી ગઈ છે. શિંદે જૂથે તેના જૂથના નામમાં પણ તે જ વ્યક્ત કર્યું છે.

શિવસેનામાં શરૂઆતથી જ હિન્દુત્વને સૌથી મહત્વની બાબત માનવામાં આવે છે. બાળાસાહેબે હિન્દુત્વને લઈને હંમેશા કટ્ટર અને કઠોર ભૂમિકા ભજવી હતી. શિવસેના જૂથનો દાવો છે કે તેઓ હિન્દુત્વની લડાઈને આગળ વધારવાનો પણ પ્રયાસ કરી રહ્યા છે. તેઓ દાવો કરે છે કે તેઓ બાળાસાહેબના વારસાને સંભાળવાના હકદાર છે.

બીજીબાજુ મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતા અશોક ચવ્હાણે એકનાથ શિંદેના જૂથને 'શિવસેના બાળાસાહેબ' કહેવા પર ટિપ્પણી કરી અને કહ્યું, "જ્યાં સુધી તેને સ્પીકરની કાયદેસર પરવાનગી નહીં મળે ત્યાં સુધી આવા જૂથોને સંમતિ મળશે નહીં. મહારાષ્ટ્રમાં શિવસેનાની આંતરિક વિખવાદ હવે હિંસામાં ફેરવાઈ ગયો છે. ઘણી જગ્યાએ શિવસેનાના કાર્યકરોએ બળવાખોર નેતાઓના ઠેકાણાઓ પર હુમલો કર્યો છે. શિવસેનાના કાર્યકરોએ એકનાથ શિંદેના પુત્ર અને સાંસદ શ્રીકાંત શિંદેની થાણેની ઉલ્હાસનગર ઓફિસમાં તોડફોડ કરી હતી.એકનાથ શિંદેના ગઢ ગણાતા થાણેમાં હિંસા-કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને ધ્યાનમાં લેતા ૩૦ જૂન સુધી કાયદો અને વ્યવસ્થા કડક કરવામાં આવી છે. આ વિસ્તારમાં લાકડીઓ, હથિયારો, પોસ્ટર સળગાવવા, પૂતળા દહન પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ દરમિયાન સૂત્રોચ્ચાર કરવા કે સ્પીકર પર ગીતો વગાડવાની પણ મંજૂરી નહીં હોય. આ દરમિયાન કોઈપણ અનિચ્છનીય ઘટનાને અટકાવવા માટે મુંબઈમાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. એકનાથ શિંદેએ કહ્યું- ધારાસભ્યોની સુરક્ષા પાછી ખેંચી લેવામાં આવી છે. જો તેમના પરિવારના સભ્યોને કંઈ થશે તો ઉદ્ધવ ઠાકરે, શરદ પવાર, સંજય રાઉત અને આદિત્ય ઠાકરે જવાબદાર રહેશે.એકનાથ શિંદેએ કહ્યું કે લોકશાહીમાં સંખ્યાનું



મહત્વ હોય છે અને તેમની પાસે સંખ્યાબળ છે. તેમના પર કાર્યવાહી કરવાનો કોઈની પાસે પણ અધિકાર નથી. બે અપક્ષ ધારાસભ્યો મહેશ બાલદી અને વિનોદ અગ્રવાલે ડેપ્યુટી સ્પીકર ઝિરવાલ સામે અવિશ્વાસ પ્રસ્તાવ દાખલ કર્યો છે.

" આ પહેલા રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયાના પ્રમુખ રામદાસ આઠવલેએ બીજેપી નેતા દેવેન્દ્ર ફડણવીસને મળ્યા બાદ કહ્યું હતું કે, "અમે સરકાર બનાવવાનું વિચાર્યું નથી. આવનારા સમયમાં શું થાય છે તે જોઈશું તેમણે કહ્યું કે શિવસૈનિકો હવે ગુંડાગીરી પર ઉતરી આવ્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું કે શિંદે જૂથ પાસે સંખ્યાબળ છે. જો કે, તેમણે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે ફડણવીસે શિવસેનાના આંતરિક વિવાદથી ભાજપને દૂર રહેવાની વાત કરી છે.ગૃહમંત્રી દિલીપ વલસે પાટીલે કહ્યું કે મુખ્યમંત્રી કે ગૃહ મંત્રાલયે રાજ્યના કોઈપણ ધારાસભ્યની સુરક્ષા હટાવવાનો આદેશ આપ્યો નથી.

### પાકિસ્તાનની ખૂલી પોલ

## ૨૬/૧૧ મુંબઈ હુમલાનો માસ્ટરમાઈન્ડ સાજિદ મીર જીવતો છે : એફબીઆઈ

,નવીદિલ્હી,તા.૨૫

પાકિસ્તાને ૨૦૦૮ના મુંબઈ આતંકી હુમલાના માસ્ટર માઈન્ડ સાજિદ મીરની અટકાયત કરી છે. આ પહેલા પાકિસ્તાની ગુપ્તચર એજન્સી દ્વારા મોસ્ટ વોન્ટેડ જાહેર કરાયેલા સાજિદનું મોત થયું હોવાનો દાવો કર્યો હતો. નિષ્ણાતોના મતે પાકિસ્તાને એફએટીએફની ગ્રે લિસ્ટમાંથી બહાર આવવા માટે મીરને સજા આપવાનું નાટક કર્યું છે.



નિક્કી એશિયાના અહેવાલ મુજબ, એફબીઆઈના એક અધિકારીએ જણાવ્યું છે કે મીર જીવિત છે, કસ્ટડીમાં છે અને પાકિસ્તાનમાં સજા ભોગવી રહ્યો છે. ૨૦૧૧ માં, મીરને એફબીઆઈ દ્વારા તેના પર ૫ મિલિયનની ઈનામ સાથે મોસ્ટ વોન્ટેડ સૂચિમાં સામેલ કરવામાં આવ્યો હતો. અમેરિકા અને ભારત બંને એક દાયકાથી તેને શોધી રહ્યા છે. લશ્કરના નેતા હાફિઝ સઈદનો નજીકનો સાજિદ મુંબઈ હુમલાના પ્લાનર ડેવિડ કોલમેન હેડલી અને અન્ય આતંકવાદીઓનો હેન્ડલર હોવાનું મનાય છે.

પાકિસ્તાન સાજિદ મીરની ધરપકડ કરીને બતાવવા માંગે છે કે તે આતંકવાદ વિરુદ્ધ કામ કરી રહ્યું છે. આ ધરપકડને એફએટીએફની ગ્રે લિસ્ટમાંથી બહાર આવવાની યોજના કહેવામાં આવી રહી છે. પાકિસ્તાન જૂન ૨૦૧૮થી એફએટીએફની ગ્રે લિસ્ટમાં છે. આ વખતે જર્મનીમાં યોજાયેલી બેઠકમાં એફએટીએફએ કહ્યું હતું કે તે ગ્રાઉન્ડ ટેસ્ટ કર્યા બાદ પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાંથી બહાર કરવાનો નિર્ણય લેશે. આવી સ્થિતિમાં પાકિસ્તાન બતાવવા માંગે છે કે તે આતંકવાદ વિરુદ્ધ ખુલ્લેઆમ કામ કરી રહ્યું છે.

સાજિદ મીર ૨૦૧૦ સુધી લશ્કર-એ-તૈયબાના ઓપરેશન ચીફ ઝકી-ઉર-રહેમાન લખવીની સુરક્ષાની જવાબદારી સંભાળતો હતો. તેણે માત્ર વિદેશમાં આતંકવાદીઓની ભરતી જ નથી કરી પરંતુ પાકિસ્તાનમાં આતંકવાદી કેમ્પ પણ ચલાવ્યા હતા. તે આઈએસઆઈના ઈન્ડિયન મુજાહિદ્દીન ઓપરેશનનો પણ ભાગ હતો, જેને કરાચી પ્રોજેક્ટ કહેવામાં આવતું હતું.

## શિવસૈનિકોએ પુણેમાં બળવાખોર ધારાસભ્ય તાનાજી સાવંતની ઓફિસમાં તોડફોડ કરી

મુંબઈ,તા.૨૫

શિવસૈનિકોએ શનિવારે પુણેમાં પાર્ટીના બળવાખોર ધારાસભ્ય તાનાજી સાવંતની ઓફિસમાં તોડફોડ કરી હતી. આ દરમિયાન પોલીસ ઘટનાસ્થળે હાજર ન હતી. શિવસૈનિકોએ સાવંત વિરુદ્ધ સૂત્રોચ્ચાર પણ કર્યા હતા. તેમની ઓફિસમાં દેશદ્રોહી શબ્દ પણ લખવામાં આવ્યો હતો. જે તસવીરો સામે આવી છે તેમાં શિવસેનાના ઝંડા સહિત તોડફોડ કરનારાઓના હાથમાં બાળાસાહેબના પોસ્ટરો જોવા મળ્યા હતા. આ દરમિયાન ઉદ્ધવ ઠાકરે અમે તમારી સાથે છીએ તેવા નારા પણ લગાવવામાં આવ્યા હતા. બીજી તરફ શિવસેનાના નેતા ચંદ્રકાંત જાધવે પુણેમાં બળવાખોર ધારાસભ્ય તાનાજી સાવંતની ઓફિસમાં થયેલી તોડફોડને યોગ્ય ઠેરવતા કહ્યું કે આ માત્ર કાર્યવાહીની પ્રતિક્રિયા છે. તમામ ધારાસભ્યોને શિવસેનાની ભાષામાં જવાબ આપવામાં આવશે અને તેથી જ આ પ્રતિક્રિયા હવે રાજ્યમાં દરેક જગ્યાએ જોવા મળશે.

આ હિંસા પછી, શિવસેનાના નેતા સંજય રાઉતે કહ્યું છે કે ધારાસભ્યોના બળવા પછી લોકોમાં ગુસ્સો છે અને તેને રોકી શકતા નથી. જો પાર્ટીના કાર્યકરો ગુસ્સે થશે તો આગ લાગશે. આ હિંસા પર સંજય રાઉતે કહ્યું કે આ મહારાષ્ટ્રના લોકોનો ગુસ્સો છે, મહારાષ્ટ્રમાં આવું ન થાય માટે આ ગુસ્સો કાયમ રહેવો જોઇએ. આ શિવસેનાની આગ છે અને અમે આ આગને ક્યારેય બુઝાવવા નહીં દઈએ. આ વાત બાળાસાહેબ ઠાકરેએ અમને કહી હતી. તે રાખ ન થવી જોઈએ. આ અગ્નિને પ્રજવલિત રાખવા માટે જે પણ સમિધાની જરૂર હોય તે રેડતા રહેવું જોઈએ.

તાનાજી સાવંતના ઉલ્લેખ પર સંજય રાઉતે ખૂબ જ આક્રમક ભાષાનો ઉપયોગ કર્યો અને કહ્યું કે તેઓ કોંગ્રેસમાંથી શિવસેનામાં આવ્યા છે અને પ્રથમ વાર ધારાસભ્ય બન્યા છે. તેમણે કહ્યું કે અમે આવા લોકોને તેમના કપડા ઉતારીને રસ્તા પર ઉભા કરી દઈએ છીએ. જણાવી દઈએ કે, તાનાજી સાવંત આસામના ગુવાહાટીમાં બળવાખોર ધારાસભ્યો સાથે હાજર છે.

શિવસેનાના નેતાએ કહ્યું કે તમે અમારા ધારાસભ્યોનું અપહરણ કરશો, તેમને સુરક્ષા આપશો અને અમે અમારો ગુસ્સો પણ ના બતાવીએપ શું આવું થઈ શકે? શું આપણે નામર્દ છીએ, વધુમાં વધુ સત્તા જતી જતી રહેશે. એથી વધુ શું થશે. સત્તા આવતી-જતી રહે છે. સંજય રાઉતે કહ્યું કે અસલી શિવસેના ઠાકરે નામ સાથે જોડાયેલી છે. શિંદે, રાણે, ભુજબળ આ લોકો આવતા રહે છે અને આવતા રહેશે. જો કોઈ કહે કે અમે બાળાસાહેબના ભક્ત છીએ તો ભક્તિ કરો. પાર્ટીને હાથમાં લેવાની કોશિશ ન કરો. અન્યથા તલવારનો જવાબ તલવારથી અપાશે.

સંજય રાઉતે કહ્યું કે દેવેન્દ્ર ફડણવીસે આ ગરબડમાં ન પડવું જોઈએ. તેઓ એક વખત છેતરાયા છે. તેમણે કહ્યું કે આ અમારો આંતરિક મામલો છે, જો તેઓ આ મામલામાં પડી જશે તો તેમને સૌથી વધુ નુકસાન થશે. સંજય રાઉતે કહ્યું કે કેન્દ્રીય પોલીસ મહારાષ્ટ્રના લોકોને કેમ સુરક્ષા આપી રહી છે, આ લોકો દેશદ્રોહી છે. આખરે કેન્દ્રીય પોલીસ તેમને સુરક્ષા કેમ આપી રહી છે? સંજય રાઉતે કહ્યું કે પીએમ મોદી અને અમિત શાહે મહારાષ્ટ્રની આ ઝમેલમાં પડવું જોઈએ નહીં.

## દેશમાં કોરોનાના ૨૪ કલાકમાં ૧૫૯૪૦ નવા કેસ

નવીદિલ્હી,તા.૨૫

દેશમાં કોરોના વાયરસનો પ્રકોપ વધવા લાગ્યો છે. ગયા અઠવાડિયાથી સંક્રમણના કેસ વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૫૯૪૦ નવા કેસ નોંધાયા છે. જે છેલ્લા ૧૦૦ દિવસમાં સૌથી વધુ છે. ગઈકાલે ૨૦ કોરોના દર્દીઓના મોત થયા હતા. વળી, સક્રિય દર્દીઓ વધીને ૯૧૭૭૯ થઈ ગયા છે. દૈનિક કોવિડ પોઝીટીવીટી રેટ ૪.૩૨% પર પહોંચી ગયો છે.

આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર દેશના પાંચ રાજ્યોમાં કોવિડ પોઝીટીવીટી રેટ ૮%થી વધુ છે. વળી, કોરોનાના કુલ કેસ અત્યાર સુધીમાં ૪,૩૩,૭૮,૨૩૪ પર પહોંચી ગયા છે. જેમાંથી ૪,૨૭,૬૧,૪૮૧ રિકવર થયા છે. આ સિવાય સત્તાવાર આંકડામાં ૫,૨૪,૯૭૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. આજના અહેવાલમાં કહેવામાં આવ્યુ છે કે લોકોને મહામારીથી બચાવવા માટે અત્યાર સુધીમાં રસીના ૧,૯૬,૯૪,૪૦,૯૩૨ ડોઝ આપવામાં આવ્યા છે. જેમાંથી ૧૫,૭૩,૩૪૧ એક જ દિવસે આપવામાં આવ્યા હતા. કોરોના ટેસ્ટની વાત કરીએ તો આ આંકડો પણ વધીને ૮૬,૦૨,૫૮,૧૩૯ થઈ ગયો છે. ગઈકાલે દેશભરમાં ૩,૬૩,૧૦૩ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાંથી ૧૫૯૪૦ લોકો કોરોના પોઝિટિવ હોવાનુ જાણવા મળ્યુ છે. તેના એક દિવસ પહેલા ગુરુવારે ૧૭,૩૩૬ નવા કેસ મળી આવ્યા હતા અને ૧૩ લોકોના મોત થયા હતા.

## અમરનાથ યાત્રાને લઈને પ્રશાસન એલર્ટ, ૫ હજાર વધારાના સૈનિકો તૈનાત

શ્રીનગર,તા.૨૫

વર્ષ ૨૦૨૨ની અમરનાથ યાત્રા ટૂંક સમયમાં શરૂ થવા જઈ રહી છે. શહેરની સુરક્ષાને ધ્યાનમાં રાખીને યાત્રા પહેલા જમ્મુમાં લગભગ ૫૦૦૦ વધારાના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે જમ્મુમાં ક્વિક રિએક્શન ટીમ પણ તૈનાત કરવામાં આવી છે.

ઈન્ટેલિજન્સ અનુસાર, પાકિસ્તાન આ વર્ષે યોજાનારી અમરનાથ યાત્રાને અવરોધવા માટે હુમલો કરી શકે છે, જેના માટે તે સ્ટીકી બોમ્બ અથવા મેગ્નેટિક બોમ્બનો ઉપયોગ કરી શકે છે. જણાવી દઈએ કે, તાજેતરના દિવસોમાં જમ્મુ-કાશ્મીર પોલીસ સહિતની સુરક્ષા એજન્સીઓએ સરહદ પારથી ડ્રોન દ્વારા મોકલવામાં આવેલા ઘણા સ્ટીકી બોમ્બ સહિત મેગ્નેટિક બોમ્બ જપ્ત કર્યા છે. એલર્ટ જારી કરીને પોલીસે સામાન્ય લોકોને અપીલ કરી છે કે તેઓ વાહન ચલાવતા પહેલા એકવાર આખા વાહનની તપાસ કરી લે.

જણાવી દઈએ કે, ભૂતકાળમાં જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ સુરક્ષા વ્યવસ્થા અને અન્ય તૈયારીઓની સમીક્ષા કરી હતી. માહિતી અનુસાર, આ દરમિયાન અધિકારીઓએ સિન્હાને સમગ્ર સુરક્ષા સ્થિતિ વિશે માહિતી આપી હતી અને યાત્રા સંબંધિત વિવિધ વ્યવસ્થાઓ પર ચર્ચા કરી હતી.

### ૨૦૦૨ ગુજરાત રમખાણો

## મોદીજીએ ભગવાન શંકરની જેમ ખોટા આક્ષેપોનું વિષપાન કરીને બધું સહન કર્યું : અમિત શાહ

નવીદિલ્હી,તા.૨૫

ગુજરાતમાં ગોધરા ટ્રેનકાંડ બાદ ફાટી નીકળેલા રમખાણો મામલે ગૃહમંત્રી અમિત શાહે મૌન તોડ્યું છે. અમિત શાહે એક ઈન્ટરવ્યૂમાં ગુજરાતના રમખાણો અંગે ખુલ્લીને વાત કરી છે. ઉલ્લેખનીય છે કે શુક્રવારે સુપ્રીમ કોર્ટે ગુજરાતમાં ફાટી નીકળેલા રમખાણો અંગે એસઆઈટીના ક્લોઝર રિપોર્ટ વિરુદ્ધ ઝાકિયા જાફરી તરફથી કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી. આ સાથે જ સુપ્રીમ કોર્ટે ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સહિતના લોકોને ક્લીન ચિટ આપી છે. અમિત શાહે જણાવ્યું છે કે, પીએમ મોદીએ ૧૮-૧૯ વર્ષની લડાઈમાં ઘણું સહન કર્યું છે. સાથે જ તેમણે કહ્યુ કે કોઈ મજબૂત મનનો વ્યક્તિ જ આવું સ્ટેન્ડ લઈ શકે છે.

૧૮-૧૯ વર્ષની લડાઈ દરમિયાન દેશના એક મોટા નેતાએ એક પણ શબ્દ બોલ્યા વગર ભગવાન શંકરની જેમ ઝેરને ગળામાં ઉતારીને સહન કર્યું છે. આજે જ્યારે સત્ય સોનાની જેમ ચમકતું બહાર આવ્યું છે ત્યારે આનંદ થાય છે. મેં મોદીજીને ખૂબ નજીકથી આ દર્દ સહન કરતા જોયા છે. કારણ કે કોર્ટ પ્રક્રિયા ચાલી રહી હોવાથી સત્ય જાણવા છતાં અમે કંઈ નહીં બોલીએ. ખૂબ મજબૂત મનનો માણસ જ આવું સ્ટેન્ડ લઈ શકે છે. મોદીજીની પૂછપરછ થઈ હતી ત્યારે કોઈએ વિરોધ પ્રદેશન કર્યું ન હતું. મારી ધરપકડ થઈ હતી ત્યારે પણ કોઈ ધરણા કે પ્રદર્શન થયા ન હતા. જે લોકોએ મોદીજી પર આરોપ લગાવ્યો હતો તેમની જો અંતરઆત્મા છે તો તેમણે તેમની અને બીજેપીની માફી માંગવી જોઈએ.

## તંત્રી સ્થાનેથી...

# ભવિષ્ય દાવ પર

મહારાષ્ટ્રની મહાવિકાસ અઘાડી સરકારનું સંકટ જે વળાંક પર પહોંચી ગયું છે, તેનાથી એવું જ લાગે છે કે ઉદ્ધવ ઠાકરે સત્તા પણ ગુમાવશે અને પાર્ટી પણ. એવા અણસાર એટલા માટે દેખાવા લાગ્યા છે, કારણ કે શિવસેનાના બળવાખોર ધારાસભ્યોની સંખ્યા વધતી જાય છે. ભલે મહારાષ્ટ્ર સરકારને સમર્થન આપી રહેલી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી અને કોંગ્રેસના નેતા ઉદ્ધવ ઠાકરે પ્રત્યે સહાનુભૂતિ પ્રદર્શિત કરી રહ્યા હોય, પરંતુ તેનું કશું મહત્ત્વ નથી. ખરું તો એ છે કે આ બંને પક્ષો સાથે મળીને સરકાર બનાવવી જ શિવસેનાને ભારે પડ્યું. શિવસેના જે પક્ષોને દિવસ-રાત ભાંડતી હતી, તેની સાથે જ હાથ મિલાવીને તેણે ન માત્ર પોતાની વિચારધારા સાથે આત્મઘાતી સમજૂતી કરી, બલ્કે પોતાના સમર્થકો અને કાર્યકર્તાઓને એ સંદેશ આપ્યો કે તે સત્તાના લોભમાં કોઈપણ હદ સુધી જઈ શકે છે. શિવસેનાએ સત્તા મેળવવા માટે પોતાની વિચારધારાનો જેવો ત્યાગ કરી દીધો, તેનું દૃષ્ટાંત જડવું મુશ્કેલ છે. તેનાં ખરાબ પરિણામ સામે આવવાનાં જ હતાં. શિવસેના ખુદને હિંદુત્વની ધ્વજવાહક ગણાવતી હતી, પરંતુ તે રાહુલ ગાંધી તરફથી હિંદુત્વ પર હુમલાને સહન કરતી રહી. ભલે રાહુલ ગાંધી હિંદુત્વ પર હુમલા દ્વારા ભાજપ પર નિશાન સાધતા હોય, પરંતુ તેનું સૌથી વધુ નુક્સાન શિવસેનાએ ઉઠાવવું પડ્યું.

જેમ શિવસેનાની પાસે એ પ્રશ્નના કોઈ જવાબ નથી કે તેણે હિંદુત્વ પર સતત પ્રહાર કરનારી કોંગ્રેસના સમર્થનથી સરકાર બનાવવાનું કેમ પસંદ કર્યું, એ જ રીતે કોંગ્રેસ નેતૃત્વ પાસે પણ એ સવાલનો કોઈ જવાબ નથી કે તેને આખરે શિવસેના એકાએક સેક્યુલર કેવી રીતે દેખાવા લાગી? મહારાષ્ટ્ર વિકાસ અઘાડી સરકાર રહે કે જાય, એ સવાલ ના તો શિવસેનાનો પીછો નથી છોડવાના, ના કોંગ્રેસનો. જ્યાં સુધી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીની વાત છે, તો એ કોઈને ખબર નથી કે તેની વિચારધારા શી છે! એ સમજવું જોઈએ કે આવા પક્ષો ખુદને વિચારધારા આધારિત રાજકીય સંગઠન ન કહી શકે, જે તેના પ્રત્યે કોઈ નિષ્ઠા ન ધરાવતા હોય. એવા પક્ષો વહેલામોડા ન માત્ર વિખેરાઈ જવા અભિશપ્ત હોય છે, બલ્કે પોતાની શાખ પણ ગુમાવે છે. દુર્ભાગ્યે દેશમાં એવા પક્ષોની ઉણપ નથી, જેમની વિચારધારા જાણવી કઠિન છે. એવા પક્ષોમાં કોંગ્રેસ પણ સામેલ થઈ ગઈ છે, તેથી તેના ખરાબ દિવસો પૂરા થવાનું નામ નથી લેતા. મહારાષ્ટ્રના રાજકીય સંકટનો એક બોધપાઠ એ પણ છે કે આવનાર સમયમાં પરિવારવાદી રાજકીય પક્ષો માટે મુશ્કેલી વધવાની છે. તેની અવગણના ન કરી શકાય કે શિવસેનામાં બળવાનું એક કારણ ઉદ્ધવ ઠાકરે દ્વારા પુત્ર આદિત્ય ઠાકરેને પોતાના વરિષ્ઠ નેતાઓ કરતાં ય વધુ પ્રાથમિકતા આપવાનું પણ રહ્યું.

# ગુરૂ વચનામૃત- તમામ જીવોમાં એક જ આત્મા નિવાસ કરે છે



સદગુરૂ માતા સુદિક્ષાજી

ભગવાનને ઓળખવા એ બ્રહ્મવિધા છે.આત્માનું ઉન્નપતિકરણ કરીને ઉપર લઇ જવો એ આત્મજ્ઞાન છે.ફક્ત આત્માને પરમાત્માની સાથે જોડવાથી, સાદગી અપનાવવાથી,તમામ પ્રકારના નશાઓનો ત્યાગ કરવાથી આવાગમનના બંધનમાંથી છુટકારો મેળવી શકાય છે.જીવનમાં સુખ..શાંતિ..આનંદ અને પ્રેમ ઈચ્છતા હો તો આ પ્રભુ પરમાત્મા સાથે સબંધ જોડવો પડશે.જેઓ આત્મા પરમાત્માનું જ્ઞાન મેળવી તેની સાથે જોડાઇ ગયા તેમને આ જન્મ-મરણના બંધનથી મુક્તિ મળી જાય છે.જેમ અગ્નિ ઉપર દૂધ કે પાણી રેંડવાથી તે ગરમ થવાના બદલે અગ્નિને જ બુઝાવી દે છે,તેને ગરમ કરવા માટે વાસણને માધ્યમ બનાવવું પડે છે, તેવી જ રીતે આત્માને પરમાત્માની સાથે જોડવા માટે સંત મહાપુરૂષ-જ્ઞાનીજનોને માધ્યમ બનાવવા પડે છે.

માનવના માટે આત્માનું પરમાત્માની સાથે મિલનનું કામ છે તેને પોતે જ કરવાનું હોય છે.પ્રભુ સર્વવ્યાપી છે તેની અનુભૂતિ કરવા માટે ફક્ત દિવ્યચક્ષુની જરૂરત છે,જેને મેળવવા માટે ગૃહસ્થ ત્યાગ કરવાની આવશ્યકતા નથી કે જંગલો પર્વતો વિરાનોમાં જવાની પણ આવશ્યકતા નથી,ફક્ત પૂર્ણ ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂના શ્રી ચરણોમાં નતમસ્તક થવાથી તેની પ્રાપ્તિ થઇ જાય છે.પરમાત્માની સાથે જેનો સબંધ જોડાઇ જાય છે તેની આંખો સંસારનું દૃશ્ય તો જુવે છે પરંતુ વિશ્વાસ એક પ્રભુ પરમાત્મા ઉપર જ રાખે છે.

તમામ માનવ એક સમાન છે, તમામ જીવોમાં એક જ આત્મા નિવાસ કરે છે.સંપૂર્ણ સૃષ્ટિ પરમાત્માનું રૂપ છે.આત્મા જ્યારે પોતાનું અલગ અસ્તિવત્વ નથી..એવું સમજી ઈશ્વરમાં લીન થઇ જાય છે એટલે કે અંશ અંશીમાં સમાઇ જાય છે તો મનુષ્યને સંસારમાં પુનઃજન્મ લેવો પડતો નથી.બ્રહ્મમાં લીન થયા પછી તેનું અલગ વ્ય?ક્તિત્વ રહેતું નથી,તેને જ મોક્ષ કહેવામાં આવે છે.

આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી,અગ્નિ બાળી શકતો નથી,પાણી ભિંજવી શકતું નથી અને પવન સુકવી શકતો નથી.(ગીતાઃ૨/૨૩) એનું કારણ એ છે કેઃ આ નિરાકાર પ્રભુ પરમાત્મા એટલો પરિપૂર્ણ છે કે સોઇની અણી જેટલી જગ્યાએ પણ તેના વિના ખાલી નથી,જ્યારે તેના વિના કોઇ જગ્યા જ ખાલી નથી તો શસ્ત્ર ચલાવવા માટે જગ્યા જ બચતી નથી તો પછી શસ્ત્ર ચલાવશો કેવી રીતે? કારણ કે શસ્ત્ર ચલાવવા માટે પણ જગ્યા જોઇએ,આવું જ અગ્નિ,હવા,પાણી પર લાગુ પાડી શકાય.

આત્માનું પરમાત્મામાં મળવું એક ભ્રમ છે.આત્મા તો પરમાત્મા સાથે સદૈવ મળેલી જ હોય છે.શરીર રહે કે તૂટે તેનાથી આત્મા ટૂટતી કે મરતી નથી.જેમ બલ્બ તૂટતાં કે ખરાબ થવાથી મૂળ વિજળીની લહેર તૂટતી નથી.વિજળી બલ્બ હોય તો પણ અને ના હોય તો પણ પોતાના કેન્દ્ર સાથે જોડાયેલી હોય છે.જીવના મન બુધ્ધિ ચિત્ત અને અહંકાર.. એટલે કે જીવનું સૂક્ષ્મ શરીર જ જડ શરીરને ધારણ અથવા ત્યાગનાર છે આત્મા નહી.

સર્વવ્યાપી નિરાકાર પ્રભુ જ સત્ય છે.સત્ય એ જ પરમાત્મા છે.માનવના અંતઃકરણમાં આ પ્રભુનો જ નિવાસ છે.આત્મા પરમાત્માનો જ સનાતન અંશ છે.આ મહાનતમ અનુપમ સત્તાની ઝલક સદગુરૂને પ્રસન્ન કર્યા વિના મળતી નથી.જેવી રીતે દિપક વિના અંધકાર દૂર થતો નથી,ગંદાં કપડાં સાબુ વિના સાફ થતાં નથી,અધ્યાપક વિના શિક્ષણ પ્રાપ્ત થઇ શકતું નથી.માર્ગદર્શક વિના ગન્તવ્ય સ્થાન સુધી પહોચી શકાતુું નથી.. જેવી રીતે શરીરને સ્વચ્છ બનાવવા માટે સ્નાન કરવું આવશ્યક છે તેવી જ રીતે દિવ્યજ્ઞાનની પ્રાપ્તિના માટે સદગુરૂની શરણમાં જવું પરમ આવશ્યક છે.

કોઇપણ વ્યક્તિના ખાનપાન અને વસ્ત્રો કેવા હોવા જોઇએ તે અધ્યાત્મનો નહી પરંતુ ચિકિત્સાનો વિષય છે.શરીરના ભોગોથી આત્મા નિર્લિપ્ત છે.

એક સંત મહાપુરૂષ રસ્તા ઉપર જઇ રહ્યા હતા.તેમને પાંચ બદમાશોએ પકડીને તેમની પાસેના પૈસા ઝુંટવી લીધા,ત્યારબાદ મારપીટ કરીને ભાગી ગયા.તે જ રસ્તે થઇને એક સજ્જન વ્યક્તિ પસાર થઇ રહ્યા હતા.સંતની આવી હાલત જોઇને તેમને દયા આવી ગઇ.તેઓ સંતને દવાખાને લઇ જઇ દાખલ કરી ઉપચાર કરાવ્યો.કેટલાક દિવસ પછી સંત મહાપુરૂષ ભાનમાં આવતાં પેલા સજ્જને પૂછ્યું કેઃ ''મહારાજ ! શું આપને યાદ છે કે આપને મારપીટ કરનાર અને આપને લૂંટી લેનાર કોન હતા..?'' અહીં દવાખાનામાં આપને કોન લાગ્યું હતું..? તેના જવાબમાં સંત મહાપુરૂષ કહે છે કેઃ ''મને પુરેપુરૂ ભાન હતું કે તમે જ મને માર મારી લૂંટી લીધો હતો અને તમે જ મને અહી દવાખાનામાં દાખલ કરી ઉપચાર કરાવ્યો હતો.'' પેલા સજ્જને મહાત્માને કહ્યું કેઃ મહારાજ ! આપ જરા વિચાર કરીને બોલો ! મહાત્માએ કહ્યું કેઃ હું સાચું જ કહું છું કે તમે સાક્ષાત નિર્ગુણ નિરાકાર પરમેશ્વર આ મહાનુભાવના શરીરમાં આવીને મને પૂછી રહ્યા છો ! જ્યારે મને સજા આપવી હતી તો પાંચ બદમાશોના આત્માના રૂપમાં આવીને તમે જ મને માર્યો.સજા આપ્યાી પછી તમે જ વિચાર્યું કે આને જાનથી મારી નાખવો નથી એટલે આ સજ્જનના રૂપમાં આવીને મારી તમામ પ્રકારની દેખભાળ કરાવી અને તમે જ મને પૂછી રહ્યા છો ! મારી દૃષ્ટિમાં તો જિધર દેખતા હું તૂં હી તૂં હૈ !!

કહેવાનો ભાવ સંત મહાપુરૂષના હૃદયમાં સમયના સદગુરૂ દ્વારા આપવામાં આવેલ પ્રેમ નમ્રતા સમદૃષ્ટિરૂપી જ્ઞાનનો નકશો જેવી રીતે રેખાંકીત કર્યો હોય છે તેના અનુરૂપ જ તેમના જીવનમાં કર્મરૂપમાં રંગ ચઢ્યો હતો.ઈશ્વર સમહૃદય છે.અમારે પણ અમારા જીવનમાં સમદૃષ્ટિ નો ભાવ ઉત્પન્ન કરીને ભૌતિક તથા આધ્યાત્મિક બંન્ને સ્તર પર ઉન્નતિ કરવાની છે તથા જ્ઞાનના નકશા ઉપર અમલનો રંગ અમારા જીવનમાં ચઢાવવાનો છે.(સદગુરૂ માતા સુદીક્ષાજી મહારાજના પ્રવચનમાંથી સાભાર)

વિનોદભાઇ માછી નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# મહારાષ્ટ્ર બાદ રાજસ્થાનમાં રાજકીય ઊથલપાથલ ના એંધાણ

જયપુર,તા.૨૫

રાજસ્થાનના ભાજપના નેતાઓને એવી આશા છે કે રાજસ્થાનમાં પણ મહારાષ્ટ્રની જેમ રાજકીય ખેલ થઈ શકે છે અને કેટલાક નેતાઓના નિવેદનો પરથી આ પ્રકારના સંકેત આપવામાં આવી રહ્યા છે. ભાજપ હાઈકમાન્ડની નજર હવે રાજસ્થાન પર છે.

રાજસ્થાનમાં પણ મહારાષ્ટ્ર પેટર્ન લાગુ થઈ શકે તેવી શક્યતા છે તેવા નિવેદનો કેન્દ્રીય મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતથી લઈને રાજસ્થાનના ભાજપ પ્રદેશ પ્રમુખ સતીશ પુનિયા દ્વારા કરવામાં આવ્યા છે ત્યારે હવે રાજસ્થાનમાં પણ મોટી બબાલ ઉભી થઇ શકે છે.

રાજસ્થાનના ભાજપના કેટલાક નેતાઓએ એમ પણ કહ્યું છે કે ગેહલોતની સરકાર જુગાડ પર ચાલી રહી છે અને સરકાર ખુદ ગમે ત્યારે પડી શકે તેવી પરિસ્થિતિ દેખાઈ રહી છે. કોંગ્રેસની અંદર આંતરિક સંઘર્ષ વધી રહ્યો છે અને મંત્રી તથા ધારાસભ્યો એક સાથે બેસતા નથી. આવી પરિસ્થિતિમાં ગમે તે થઈ શકે છે. ભાજપના અન્ય કેટલાક નેતાઓએ એમ કહ્યું છે કે કોંગ્રેસમાં ચાલી રહેલા આંતરિક સંઘર્ષ મધ્યસત્ર ચૂંટણી સુધી દોરી જાય તેવી શક્યતા પણ દેખાઈ રહી છે અને આ પ્રકારના નિવેદનોને પગલે રાજસ્થાનના રાજકારણમાં પણ હલચલ મચી ગઈ છે અને બેઠકોના દોર શરૂ થઇ ગયા હોવાનું બહાર આવ્યું છે.

જોકે રાજસ્થાનના એક મંત્રીએ એમ કહ્યું છે કે ભાજપના નેતાઓ મુંગેરીલાલ કે હસીન સપને જોઈ રહ્યા છે અને સપના જોવા માટે તેઓ સ્વતંત્ર છે અને રાજસ્થાનની જનતા ફરી એકવાર ભાજપને જડબાતોડ જવાબ આપશે.

ભાજપના નેતાઓ એમ કહે છે કે કોંગ્રેસ પોતે જ અંદરથી તૂટી રહી છે પરંતુ એ લોકો ભાજપ પર આરોપ મૂકી ગયા છે અને ગેલોત સરકાર આંતરિક સંઘર્ષને પગલે નબળી પડી રહેલી દેખાય છે અને ગમે ત્યારે તેનું ટાયર ફાટી શકે એમ છે.

## ૧૭મો શાળા પ્રવેશોત્સવઃ

# ત્રીજો અને અંતિમ દિવસ વડાપ્રધાનશ્રીની દૂરંદેશીના આજે પરિણામ મળી રહ્યાં છે : મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર

રાજ્યભરમાં ચાલી રહેલા ૧૭માં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના ત્રીજા અને અંતિમ દિવસે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારે દહેગામ તાલુકાના ગામોમાં શાળા પ્રવેશોત્સવ દરમિયાન જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૧૭ વર્ષ પહેલા શરૂ કરવામાં આવેલ આ કાર્યક્રમ આજે સફળ સાબિત થયો છે. આજે ગુજરાતે શાળાના નામાંકનમાં ૧૦૦ ટકા સફળતા મેળવી છે અને ડ્રોપઆઉટ રેશિયો ૩૭ ટકાથી ઘટીને માત્ર ૩ ટકા જ રહ્યો છે, જે વડાપ્રધાનશ્રીની દૂરંદેશીનું જ પરિણામ છે. ગુજરાતની ૩૨,૦૦૦ કરતાં વધુ સરકારી શાળાઓ અને સાડા ચાર લાખથી વધુ શિક્ષકો આજે સુશિક્ષિત ભારતના નિર્માણમાં અથાક પ્રયોત્નો કરી રહ્યાં છે.

મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારે દહેગામ તાલુકાના વિવિધ ગામોની પ્રાથમિક શાળાઓમાં મળીને કુલ ૧૦૪ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવ્યો હતો. જેમાં અંતોલી ગામના ૨૯, મેઘરજના મુવાડાના ૧૪, ખાપરેશ્વરના ૧૩, નંદાજીની મુવાડીના ૪, લહેરીપુરાના ૯ અને પીંપલજના ૩૫ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

મંત્રીશ્રીએ અંતિમ દિવસના કાર્યક્રમની નોંધ લેતા કહ્યું હતું કે પ્રવેશ મેળવાનાર આ ૧૦૪ વિદ્યાર્થીઓ પૈકી ૫૧ કુમાર અને ૫૩ કન્યાઓને પ્રવેશ આપવામાં આવ્યો છે, જે કન્યા કેળવણીનું પ્રમાણ વધ્યું હોવાનું દર્શાવે છે.

મંત્રીશ્રીએ બાળકો અને વાલીઓ સાથે સીધા સંવાદમાં જણાવ્યું કે, શિક્ષણ એ બાળકના જીવન ઘડતરની કેડીનું પ્રથમ કદમ છે, જે બાળકના ભવિષ્ય નિર્માણમાં મજબૂત ભાગ ભજવે છે. શિક્ષણની સાથે સાથે સામાજિક-આર્થિક સુખાકારી માટેની સરકારની અન્ય પ્રજાલક્ષી યોજનાઓ જેવી કે, સુકન્યા સમૃદ્ધિ યોજના, પી.એમ.જન આરોગ્ય યોજના, ઈ-શ્રમ કાર્ડ, વગેરેનો ગ્રામ પંચાયત અને ડિજીટલ ગુજરાતના માધ્યમથી ઘરે બેઠા જ લાભ લેવા માટે અપીલ કરી હતી.

આ કાર્યક્રમમાં તાલુકા શિક્ષણ અધિકારી, તાલુકા આરોગ્ય અધિકારી, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીઓ, તાલુકા પંચાયતના સભ્યો, સરપંચશ્રીઓ, શાળાના આચાર્યો અને શિક્ષકગણ સહિત સંબંધિત પંચાયતના ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## સપ્તાહ દરમિયાન કોટનના વાયદાઓમાં ગાંસડીદીઠ રૂ.૧,૭૦૦થી રૂ.૪,૫૦૦નો કડાકો

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૩૯૨ અને ચાંદીમાં રૂ.૨,૦૨૩નો સાપ્તાહિક ધોરણે ઘટાડોઃ ક્રૂડ તેલ બેરલદીઠ રૂ.૭૮૦ ઘટ્યુઃ નેચરલ ગેસ, મેન્થા તેલમાં પણ નરમાઈનો માહોલ

મુંબઈઃ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૧૭ થી ૨૩ જૂનના સપ્તાહ દરમિયાન ૨,૪૧૮,૮૨૨ સોદાઓમાં કુલ રૂ.૧૯૬,૮૨૨.૫૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૧૫૦૦૫.૩૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૮૧૨૫૨.૧૯ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૯૭૫,૧૩૬ સોદાઓમાં કુલ રૂ.૪૮,૩૫૧.૯૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૦,૯૭૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૧,૧૭૯ અને નીચામાં રૂ.૫૦,૫૨૨ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૩૯૨ ઘટી રૂ.૫૦,૫૯૪ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૮૮ ઘટી રૂ.૪૦,૩૯૪ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૪૫ ઘટી રૂ.૫,૦૩૧ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૮૮૯ના ભાવે ખૂલી, રૂ.૩૩૭ ઘટી રૂ.૫૦,૬૦૮ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૧,૪૧૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૧,૭૨૦ અને નીચામાં રૂ.૫૯,૪૪૪ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૨૦૨૩ ઘટી રૂ.૫૯,૫૦૪ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧૯૩૮ ઘટી રૂ.૫૯,૮૩૩ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧,૯૧૯ ઘટી રૂ.૫૯,૮૭૦ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે ૧૩૧,૪૧૪ સોદાઓમાં રૂ.૨૧,૩૬૪.૩૧ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જૂન વાયદો ૧ કિલોદીઠ રૂ.૬.૯૦ ઘટી રૂ.૨૦૮.૯૦ અને જસત જૂન વાયદો રૂ.૫.૪૫ ઘટી રૂ.૩૧૧ના ભાવ થયા હતા. આ સામે તાંબુ જૂન કોન્ટ્રેક્ટ રૂ.૫૪.૭૫ ઘટી રૂ.૬૯૫.૯૫ તેમ જ સીસું જૂન કોન્ટ્રેક્ટ રૂ.૩ વધી રૂ.૧૮૭ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૪૮૮,૬૩૦ સોદાઓમાં કુલ રૂ.૪૪,૪૪૨.૮૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૮,૯૩૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૯,૧૧૩ અને નીચામાં રૂ.૭,૯૬૬ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૭૮૦ ઘટી રૂ.૮,૨૨૨ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૮૫.૮૦ ઘટી રૂ.૪૯૪.૮૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭,૪૮૭ સોદાઓમાં રૂ.૮૪૬.૨૧ કરોડનાં કામકાજ થયા હતા. સપ્તાહ દરમિયાન કોટનના વાયદા ગાંસડીદીઠ રૂ.૧,૭૦૦થી રૂ.૪,૫૦૦ની રેન્જમાં ગબડ્યા હતા. કોટન જૂન વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૭,૧૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૭,૪૮૦ અને નીચામાં રૂ.૪૩,૮૦૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૩,૦૩૦ ઘટી રૂ.૪૪,૧૯૦ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે કોટનનો જુલાઈ વાયદો સૌથી વધુ રૂ.૪,૫૦૦ના ભાવઘટાડા સાથે બંધમાં રૂ.૪૧,૭૨૦ના ભાવ થયા હતા. આ સામે કોટનનો દૂર ડિલિવરીનો ડિસેમ્બર વાયદો સૌથી ઓછો રૂ.૧,૭૦૦ ઘટી રૂ.૩૫,૮૦૦ના સ્તરે રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જૂન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩૨.૨૦ ઘટી રૂ.૧૦૧૭.૬૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૮,૩૧૩.૬૮ કરોડનાં ૩૬,૦૧૬.૯૩૯ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩૦,૦૩૮.૩૦ કરોડનાં ૪,૯૧૯.૦૨૦ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧૯,૬૦૯.૬૨ કરોડનાં ૨૩,૩૦૩,૯૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૨૪,૮૩૩ કરોડનાં ૪૬૪૬૫૧૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૭૫૦.૧૯ કરોડનાં ૧૬૮૬૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૯૬.૦૨ કરોડનાં ૯૨૩.૦૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૫૭૩.૮૮૬ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૩૯.૭૭૯ ટન, ક્રૂડ તેલમાં ૪૩૦૯૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૭૮૫૨૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૫૦૯૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૫૯૦.૭૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન બુલડેક્સ વાયદામાં રૂ.૫૬૪.૯૪ કરોડનાં ૭,૮૫૬ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ જૂન વાયદો ૧૪,૪૩૭ના સ્તરે ખૂલી, ૨૧૧ પોઈન્ટ ઘટી ૧૪,૨૫૩ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૮૧,૨૫૨.૧૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૩૮૭.૫૧ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૯૦૨.૮૩ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૩,૩૩૭.૩૧ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૩,૬૧૬.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં.

# શાળા પ્રવેશોત્સવના અંતિમ દિને ગાંધીનગરની અભિયાપુર, કોબા અને રાયસણની પ્રાથમિક શાળામાં રાજયના મુખ્ય સચિવ શ્રી પંકજકુમારના હસ્તે બાળકોની પ્રવેશવિઘી સંપન્ન

ગાંધીનગર

વિદ્યાર્થીના મનમાં શિક્ષક પ્રત્યે આદર- સન્માનની ભાવના પેદા થવી ખૂબ જરૂરી છે. ત્યારે જ શિક્ષક તરીકે આપનું જીવન સાચા અર્થમાં સાર્થક થશે, તેવું આજરોજ કોબા ખાતે શાળા પ્રવેશોત્સવમાં રાજયના મુખ્ય સચિવ શ્રી પંકજકુમારે જણાવ્યું હતું.

કોબા પ્રાથમિક શાળાના મોટા ભાગના વિદ્યાર્થીઓએ શિક્ષક બનવાની ઈચ્છા વ્યક્ત કરી તે વાતનો મુખ્ય સચિવ શ્રી પંકજકુમારે આનંદ વ્યક્ત કરીને ઉમેર્યું હતું કે, આ વાત શાળાના શિક્ષકો બાળકો માટે આર્દશ છે. તેમણે સ્માર્ટ શાળા બનાવવા માટે શિક્ષકોને સ્માર્ટ બનવું પડશે, તેવું કહી ટીચિંગ થી લર્નિગનો સમય આવી ગયો હોવાનું જણાવ્યું હતું. તેમણે અધરા વિષયોને સરળ બનાવવા માટે શિક્ષકોને વિદ્યાર્થીઓ વચ્ચે ડિબેટનું આયોજન કેવી રીતે કરવી તેની દષ્ટાંત પૂર્વક વાત કરી હતી. આ થકી વિદ્યાર્થીઓમાં વિષયની સમજ વધુ આવશે અને જ્ઞાનમાં વધારો થશે, તેવો ર્દઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ' વ્યસન' વિષય પર શાળાની વિદ્યાર્થીના વકતવ્ય પર વાત કરતાં મુખ્ય સચિવશ્રીએ જણાવ્યું હતું કે, આજના સમયમાં દારૂ, તમાકુ સાથે દીકરીના કહ્યા મુજબ મોબાઈલ પણ વ્યસન બની ગયું છે. આ વ્યસનને જોવાનો ર્દષ્ટિકોણ વિદ્યાર્થીનીમાં આવ્યો તે વાત બદલ શાળાના શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે શાળાના બાળકોને શાળામાં કયા કયા વૃક્ષો કેમ વાવવા જોઈએ ? તે અંગેનો પ્રશ્ન કર્યો હતો. જેના પ્રતિઉત્તરમાં વિદ્યાર્થીઓ દ્વારા લીમડો અને પીપળો વાવ જોઈએ, તેનું ઉમદા કારણ આપતાં વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. કોબા ગામમાં દાતાઓના દાનના પ્રવાહને જોઈને મુખ્ય સચિવશ્રીએ સર્વે દાતાશ્રીઓનો આરંભ વ્યક્ત કર્યો હતો.

અમિયાપુરા ગામની પ્રાથમિક શાળામાં મુખ્ય સચિવ શ્રી પંકજકુમારે જણાવ્યું હતું કે, ઈચ્છાને સંકલ્પમાં પરિવર્તિત કરો, પછી સંકલ્પ સિઘ્ઘી બની જાય છે. તેમણે આંગણવાડીના બાળકોને પ્રાથમિક શાળામાં અને પોતાની મનગમતી કોઈપણ કૃતિ રજૂ કરે, તે વાતને પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તાડીપાળી વધાવશે, તો બાળકોનો ઉત્સાહ વઘશે. તેમજ પ્રાથમિક શાળાના બાળકોને આંગણવાડીમાં એક દિવસ સમગ્ર કાર્ય કરવાની જવાબદારી આપવી જોઈએ, આ બન્ને થકી બાળકો કેવી રીતે કેળવાશે, તેની વિસ્તૃત વાત કરી હતી. અમિયાપુરા ગામની દીકરી નંદિની નામની બી.કોમ. થયેલી અને સ્પર્ઘાત્મક પરીક્ષાની તૈયારી કરતી વિદ્યાર્થીનીએ શાળા માટે પોતાના અભિપ્રાય રજૂ કર્યા હતા. નંદિનીએ તેની વાતમાં ગ્રામજનોને નમ્રભાવે અપીલ કરી હતી કે, દરેક સમાજે તેમની દીકરીઓને ભણાવી જોઈએ. નંદિની વાતને રાજયના મુખ્ય સચિવશ્રીએ પણ વઘાવી લીઘી હતી. ગ્રામજનોએ ગામની દીકરીની વાતને અનુસરવા જણાવ્યું હતું.

# કચ્છના હરમીનાળા વિસ્તારમાંથી બે પાકિસ્તાની ઘૂસણખોરોની ધરપકડ કરાઇ

ભુજ,તા.૨૫

ગુજરાતનાં કચ્છમાં અવારનવાર પાકિસ્તાનની નાપાક હરકતો જોવા મળે છે. માદક દ્રવ્યો હથિયારો, તો ક્યારેક ઘુસણખોરી જેવી પ્રવૃતિ માટે કચ્છની સરહદી વિસ્તાર કુખ્યાત છે. ત્યારે બીએસએફ દ્વારા આવા તત્વો ઉપર સતત વોચ રાખવામાં આવતી હોય છે. પાકિસ્તાનની ભૂમિ અને જળસીમાની તદ્દન નજીક આવેલા સરહદી કચ્છના ઘૂસણખોરી અને દેશમાં નાપાક હરકતો માટે કુખ્યાત વિસ્તાર તરીકે ઓળખાતા અતિસંવેદનશીલ અને દુર્ગમ હરામીનાળા વિસ્તારમાં નાપાક હરકતો વધી ગઈ હોવાના સુરક્ષા એજન્સીઓને સતત મળી રહેલા ઈનપુટ વચ્ચે આ વિસ્તારની સંવેદનશીલતા ધ્યાને લઇ, સરહદી સલામતી દળ દ્વારા કચ્છની સિરક્રીક, હરામીનાળા વિસ્તારમાં પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું છે. તેમાં કચ્છના હરમીનાળા વિસ્તારમાંથી બે પાકિસ્તાની ઘૂસણખોરો ઝડપાયા છે.જે પાકિસ્તાની નાગરિકો ઝડપાયા છે તેમાં ૧. સદમ હુસૈન, ગુલામ મુસ્તફા ઉંમર ૨૦ વર્ષ,૨. અલી બક્ષ ઉ. ખેર મુહમ્મદ, ઉંમર ૨૫ વર્ષ બંને પાકિસ્તાની ગામ ઝીરો પોઈન્ટના રહેવાસી છે

પ્રાપ્ત વિગતો અનુસાર કચ્છના હરામીનાળા પાસે બે પાકિસ્તાની ઘુસણખોરી કરતા ઝડપાયા હતા. બીએસએફ ફાયરિંગ કરતા બે પાકિસ્તાની ઘૂસણખોરોને ઈજા થઈ હતી. તા. ૨૩મી જૂન ૨૦૨૨ના રોજ શરૂ થયેલા ચાલુ સર્ચ ઓપરેશનમાં બીએસએફ ભુજે હરામી નાલા વિસ્તારમાંથી બે પાકિસ્તાની માછીમારોને પકડી લીધા હતા. પાકિસ્તાન તરફ ભાગવાનો પ્રયાસ કરતી વખતે બંનેને પગની ઘૂંટીમાં ગોળી વાગી હતી.

૨૩/૦૬/૨૦૨૨ બપોરના રોજ, બીએસએફ ભુજની પેટ્રોલ પાર્ટીએ હરામી નાળાના સામાન્ય વિસ્તારમાં કેટલીક પાકિસ્તાની માછીમારી બોટની હિલચાલનું નિરીક્ષણ કર્યું હતું.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS No : 114

વિભાગ : ગદ્ય

શબ્દ : યોગ સાધના

શીર્ષક: બિમારીઓથી દૂર રહીએ

શબ્દ સંખ્યા- ૧૨૦

રચના- આપણી ભારતીય સંસ્કૃતિમાં યોગસાધનાનું મહત્વ મોટા મોટા ઋષિમુનિઓએ વર્ણવ્યું છે.

આપણે હરરોજ યોગસાધના કરવી જોઈએ. આપણા શરીરને તંદુરસ્ત રાખવું જોઈએ. યોગસાધના દ્વારા આપણે નિરાશામાંથી આશા તરફ, ગમમાંથી ખુશી તરફ, અસફળતામાંથી સફળતા તરફ, વળી શકીએ છીએ. આપણે દરેક પરિસ્થિતિમાં મનને શાંત રાખી શકીએ છીએ. એકાગ્રતાથી યોગ કરીએ જીવનમાં ખુશીઓ લાવીએ.

અનેક લોકો યોગસાધનાથી મોટા મોટા રોગોમાંથી મુક્ત થયા છે.

યોગસાધનાથી આપણી બુદ્ધિ શક્તિ ખીલે છે.કાર્યમાં એકાગ્રતા રહે છે.શરીર અને મન નિયંત્રણમાં રહે છે.શારીરિક અને માનસિક દુ:ખ સહન કરી શકે છે. શરીરનો થાક ઉતરી જાય છે. માનસિક તણાવ દૂર થાય છે.

નવી ઉર્જાનો સંચાર થાય છે. ગુસ્સા પર કાબુ રહે છે.

બીમારી આપણા શરીરમાં ઘર કરે એ પહેલાં આપણે યોગ માટે સમય કાઢીએ અને આપણા શરીરને બીમારીઓથી જ દૂર રાખીએ.

કથીરીયા પ્રવિણા "પવી" નવસારી.

---

NOG SS No: 0059

વિષય: યોગ અને ધર્મ અને,

સંસ્કૃતિ ઋષિ પંરપરા.

પ્રકાર: ગદ્ય- લેખ.

શીર્ષક;આધ્યાત્મિક બીજ "યોગ".

શબ્દો:૨૬૫.

જયકાન્ત ઘેલાણી "પ્યારે".

યોગ અનેક અર્થી શબ્દ છે,

પરંતુ જ્યારે તે ધર્મ સંસ્કૃતિ સાથે જોડાયછે ત્યારે તે આપણી ઋષિ પંરપરાને અને સંસ્કૃતિ ને વધુ ઉજાગર કરેછે.

યોગ અને ધર્મ એક બીજાના પૂરકછે. તો સંસ્કૃતિ અને ઋષિ પંરપરા, પ્રાચીન છે અને તે ધર્મ નો પાયોછે..જ્યારે ઋષિ પંરપરા ધર્મના પ્રચારક અને પહેરગીરછે.

સમગ્ર વિશ્વમાં યોગ અને ધર્મના ફેલાવવામા આપણી સંસ્કૃતિ સાથે ઋષિ પંરપરાનુ ઘણુજ મોટુ યોગદાન સમાયેલુછે.

યોગા, શારિરિક તેમજ માનસિક શકિતપ્રદાતાછે તો

યોગ સંસ્કૃતિ અને ધર્મનુ મધ્યબિન્દુછે.

કદાચ યોગા વગર ચાલી શકે, પરંતુ માનવ જીવનમા યોગ વગર સંસ્કૃતિ અને ધર્મ પાંગળા !, જેની નોંધ દરેકે અવસ્ય લેવી ઘટેછે.

યોગ થી માનસિક, આધ્યાત્મિક અને ભૌતિક શાન્તિ જરુર મેળવી શકાયછે.

આપણી ભારતિય સંસ્કૃતિ તો

યોગ ના અકલ્પનિય રંગે રંગાયેલી છે.

આજે સમસ્ત વિશ્વની પ્રજા આપણી યોગ અને યોગા ની

પરંપરા અપનાવી જ રહીછે ને !

યોગા શારિરીક ક્રિયાછે તો

યોગ દિવ્ય દ્રષ્ટિએ આત્માને ને પામવાની ક્રિયાછે, જેના માટે

નિ:સ્વાર્થ વિશાળ ભાતૃ ભાવના

અતી આવશ્યક રહેછે.

આજે સમસ્ત વિશ્વની પ્રજા

યોગ ને યોગી ની તાકાતનો પરચો

અનુભવીજ રહયા છે ને !.

હાં જ્યારે યોગ આગળ બે અક્ષરનો શબ્દ

સહ જોડાતા

નવો બનતો શબ્દ સહયોગ

માનવ માનવ વચ્ચે એક અતી ઉતમ ભાઈચારાની ભવ્ય માનવ સાંકળ નું સર્જન કરી શકેછે, જે

વિશ્વની પ્રજાનો વિશેષ વિકાસ કરવા સક્ષમ બની રહેશે.

"ભારતીય સંસ્કૃતિ અમર રહો".


## શાળા પ્રવેશોત્સવ-જિલ્લો ડાંગ

## ડાંગ જિલ્લાના કાસવદહાડ, ઘોઘલી, અને બોરખેત ખાતે ૨૬ બાળકોને શાળા પ્રવેશ કરાવતા ભાજપા પ્રમુખ



આહવા: તા: ૨૫ : ડાંગ જેવા આદિજાતિની વસ્તીનુ પ્રભુત્વ ધરાવતા દુર્ગમ વિસ્તારમા, શિક્ષણથી સંસ્કારનુ સિંચન થઈ રહ્યુ છે તેમ, ડાંગ જિલ્લા ભાજપા પ્રમુખ શ્રી દશરથભાઈ પવારે જણાવ્યુ હતુ. 'શાળા પ્રવેશોત્સવ'ના બીજા દિવસે રૂટ નંબર-૧૭ના ગામો કાસવદહાડ, ઘોઘલી, અને બોરખેત ખાતે ૧૦ કુમાર, અને ૧૬ કન્યા મળી કુલ–૨૬ બાળકોનુ નામાંકન કરાવતા શ્રી દશરથભાઈ પવારે, આદિવાસી વિસ્તારમા વધેલી શિક્ષણ સુવિધાઓનો ખ્યાલ આવ્યો હતો. નરેન્દ્ર પવાર,ડાંગ જિલ્લા બ્યુરો,

## શાળા પ્રવેશોત્સવમા પધારેલા નાણાં અને ઉર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ આહવાના ઈ-ગ્રામ સેન્ટરની મુલાકાત લીધી



આહવા: તા: ૨૫ :

રાજય સમસ્તમા શરૂ થયેલા 'શાળા પ્રવેશોત્સવ' ની સાથે સાથે, આ વર્ષે શાળાની મુલાકાતે પધારનારા મહાનુભાવો દ્વારા, ઈ-ગ્રામ સેન્ટરોની પણ મુલાકાત લેવામા આવી રહી છે. ગ્રામ્ય સ્તરે કાર્યરત ઈ-ગ્રામ સેન્ટરો ઉપરથી પ્રજાજનોને પુરી પડાતી વિવિધ સેવાઓની અસરકારકતા વધારવા સાથે, સંબંધિતોની જવાબદેહી સુનિશ્ચિત કરવાના ભાગરૂપે, શાળા પ્રવેશોત્સવમા પધારનાર મહાનુભાવો, સંબંધિત ઈ ગ્રામ સેન્ટરોની મુલાકાત લઈ, તેમનો અભિપ્રાય સરકાર સમક્ષ રજુ કરી રહ્યા છે. ત્યારે ડાંગ જિલ્લાના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના છેલ્લા દિવસે આહવાની વિવિધ શાળાઓની મુલાકાતે પધારેલા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ, આહવા ગ્રામ પંચાયત કાર્યાલય ખાતે કાર્યરત ઈ ગ્રામ સેન્ટરની મુલાકાત લઈ, અહીંની સેવાઓ અને સુવિધાઓની વિગતો મેળવી હતી.

મુલાકાત દરમિયાન વિશેષત: ગ્રામ પંચાયતના મકાન અને ફર્નિચર સહિતની ભૌતિક સુવિધાઓ સાથે, કોમ્પ્યુટર પ્રિન્ટર, સ્કેનર, વેબ કેમેરા, ફીંગર પ્રિન્ટ ડીવાઈસ, આધારકાર્ડ માટેની કીટ, વોટર કુલર, આર.ઓ.પ્લાન્ટ, લેમીનેશન મશીન, ફાયર મશીન, પાવર સીસ્ટમ, ઈન્ટરનેટ કનેકટિવિટી સહિત VCEની કામગીરી અને કાર્યક્ષમતાનુ પણ મંત્રીશ્રીએ મૂલ્યાંકન હાથ ધર્યું હતુ.

નરેન્દ્ર પવાર,ડાંગ

## મુખ્યમંત્રી મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે શાળા પ્રવેશોત્સવ ૨૦૨૨ અંતર્ગત

# અમદાવાદમાં રૂા. ૧.૩૭ કરોડના ખર્ચે નિર્મિત મેમનગર સ્માર્ટ (અનુપમ) શાળાનું લોકાર્પણ કર્યું

### સરકારી શાળાઓમાં અદ્યતન ટેક્નોલોજી યુક્ત શિક્ષણ સુવિધા અને ગુણવત્તા સભર શિક્ષણની સફળતા: ખાનગી શાળાઓમાંથી સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવવાનો રિવર્સ ટ્રેન્ડ -: મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના મેમનગર સ્માર્ટ (અનુપમ) શાળાનું લોકાર્પણ કરતાં જણાવ્યું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૨૦૦૨-૨૦૦૩માં શરૂ કરાવવામાં આવેલા ;કન્યા કેળવણી મહોત્સવ તેમજ શાળા પ્રવેશોત્સવ ને કારણે આજે સમગ્ર ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણનો ગ્રાફ ઊંચો ગયો છે.

ડ્રોપઆઉટ રેટ ૩ ટકા જેટલો અને શાળામાં બાળકોના દાખલ થવાનો દર ૯૫ ટકાથી પણ વધ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આજે રાજ્યની સરકારી સ્કૂલમાં અદ્યતન અને ટેકનોલોજી યુકત શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. જેના પરિણામ સ્વરૂપે રિવર્સ ટ્રેન્ડ શરૂ થયો છે અને ખાનગી શાળાઓમાં બાળકો સરકારી શાળાઓમાં પ્રવેશ લેતા થયા છે. આ સંદર્ભમાં શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, આ વર્ષે અમદાવાદમાં ૫૯૦૦ બાળકોએ ખાનગી સ્કૂલ છોડીને સરકારી શાળામાં પ્રવેશ લીધો છે. જ્યારે છેલ્લા આઠ વર્ષમાં ૪૧ હજાર થી વધુ બાળકો ખાનગી સ્કૂલમાંથી અમદાવાદની સરકારી સ્કૂલમાં આવ્યા છે એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

સ્માર્ટ અનુપમ શાળાની ભૂમિકા આપતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આજે ટેકનોલોજીનો ઉપયોગ વધુને વધુ બાળકો કરે તેવા પ્રયત્નો રાજ્ય સરકાર દ્વારા થઈ રહ્યા છે. રાજ્યમાં વધુ એક સ્માર્ટ અનુપમ શાળાનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ મેમનગરની માર્ટ સ્કૂલમાં તમામ



ટેક્નોલોજીનો ઉપયોગ કરાયો છે, જેના માધ્યમથી ભણતર ભારરૂપ ન લાગે અને રમતા રમતા ભણી શકાય એવા પ્રોજેક્ટ લાવવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં જે સંકલ્પના કરી છે તેને અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા સાકાર કરવામાં આવી રહી છે. અનુપમ શાળા એ આપણા સૌ માટે ગૌરવની વાત છે આવતીકાલના ભારતનું નિર્માણ આ પ્રકારની શાળાઓ થકી જ થશે એવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

શ્રી ભૂપેન્દ્ર પટેલે આ વર્ષના શ્ઈ૩૯;કન્યા કેળવણીશ્ઈ૩૯; અને શાળા પ્રવેશોત્સવ -૨૦૨૨શ્ઈ૩૯; દરમિયાન નામાંકન કરવામાં આવેલા બાળકોની રૂપરેખા આપતા કહ્યું કે, છેલ્લા બે દિવસમાં શાળા પ્રવેશોત્સવ દરમિયાન કુલ ૩.૮૩ લાખ કન્યા અને કુમારોનું નામાંકન થયું છે. જેમાં ૧.૮૮ લાખથી વધુ કન્યાઓ જ નામાંકન થયું છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈની પ્રેરણાથી શિક્ષણ માટે જરૂરી તમામ સુવિધા રાજ્ય સરકાર અને કોર્પોરેશન દ્વારા કરાઈ રહી છે. દર વર્ષે પ્રવેશોત્સવમાં જે માહોલ બને છે એવો માહોલ આ વખતે પણ બન્યો છે પણ આ માહોલમાં એક વિશેષ કડી પણ ઉમેરાઈ છે. ટ્રાફિક સિગ્નલ પર ભિક્ષા માંગતા ૧૩૯ બાળકો માટે ભણવાની વ્યવસ્થા ઈતિહાસમાં પ્રથમ વખત સિગ્નલ સ્કૂલ દ્વારા કરવામાં આવી હતી અને આજે આ બાળકોનું ધોરણ ૧માં નામાંકન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત આજે ગ્રોથ એન્જિન બન્યું છે, આ ગ્રોથ એન્જિનને આગળ વધારવામાં શિક્ષણ એક મહત્વની ભૂમિકા ભજવશે. એટલું જ નહીં દરેક સામાન્ય માણસને વિકાસની મુખ્યધારમાં આવે એવા પ્રયાસો પણ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે તેની પણ વિસ્તૃત વિગતો આપી હતી. તેમણે કહ્યું કે, આપણે સૌ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છીએ ત્યારે પ્રાથમિક શિક્ષણ એ અમૃતકાળ બનશે.

આવી શાળાઓ વિદ્યાધામ બને. આ શાળાઓ થકી વિદ્યાર્થીઓ સારા નાગરિક બને અને ભારતના ભવિષ્યનો પાયો બને તેવો આપણે સૌએ સંકલ્પ કરવાનો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સ્માર્ટ પ્રાથમિક શાળા ના બાળકોને રમતા-રમતાં ભણવાનો ઉદ્દેશ સાકાર કરવા માટે જોયફૂલ લર્નિંગના ક્લાસ બનાવવામાં આવ્યા છે. દરેક બાળકને એ મુજબ શૈક્ષણિક રમકડાથી ભણાવવામાં આવે છે. કલરફૂલ સરસ બેઠક વ્યવસ્થા સાથે દિવાલો પર માસના નામ, વાહનો, પશુ-પંખીઓની ઓળખ, ઋતુઓના નામ, ગણિતમાં ચડતાં-ઉતરતા ક્રમના આંકડાઓ અને ટેબલનું સુંદર ચિત્રાકામ કરવામાં આવ્યું છે. આમ બાળ માનસને શિક્ષકો દ્વારા જ્ઞાન સાથે ગમ્મતના ચિત્રો થકી ભણતરની સમજણ આપવામાં આવે છે. તથા શાળામાં બાળકોને રમતગમતની પ્રવૃતિઓ માટે મોકળુ મેદાન મળી રહે તેનું પણ વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે.

આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું અને ક્લાસ રૂમોમાં તેમણે પોતે વિદ્યાર્થીઓ સાથે બેન્ચ પર બેસીને ક્લાસ રૂમની એજયુકેશનલ એક્ટીવીટી નિહાળી હતી. આ અવસરે અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, ડેપ્યુટી મેયર શ્રી ગીતાબેન પટેલ, કમિશનરશ્રી લોચન સહેરા, સ્કૂલ બોર્ડના ચેરમેન શ્રી સુજય મહેતા, સ્કૂલ બોર્ડના વાઈસ ચેરમેન શ્રી વિપુલભાઈ સેવક, શાસનાધિકારી એલ. ડી. દેસાઈ તેમજ તેમજ મોટી સંખ્યામાં શિક્ષકો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા

## ખુદાબક્ષ મુસાફરી

લગભગ બોતેર- તોતેરની સાલની વાત હશે. સ્મરણમંજૂષા અદ્ભૂત અલાબલા છે.વીણાના તાર પર મુલાયમ કરાંગુલિઓ ફેરવીએ અને સુમધુર સુરાવલિ સર્જાય તેમ અતીતના અંધકારને ટેરવાથી ફંફોસીએ એટલે માલપૂઆ જેવી મજેદાર વાનગી નિષ્પન્ન થાય થાય અને થાય જ!!

ભગલો. સાચું નામ સ્કૂલના ચોપડામાં . ભુયંગચંદ્ર. માસ્તરો ભગલો કહી બોલાવે. એ સમયે શાળા એ ચોઈસનો વિષય ન હતી. પહેલાં કે બીજા ધોરણમાં ભણતા ઢાંઢાને ટીંગાટોળી કરી નિહાળે ખદેડવા પડે. નાક, આંખ અને હદય વગર ચોમાસે વહેતા હોય! કસાઈખાને ઢોર લઈ જતા હોય એવી કશ્મકશ હોય. પેલો હાથપગ પછાડતો , ધૂળમાં રગદાળોતો હોય. માંહ્યલો વનવગડે ભ્રમણ કરવા ઈચ્છુક હોય.!! નિહાળે હોંશભેર જવાની ઈચ્છા થાય તેવું પ્રોત્સાહક વાતાવરણ કયા હતું?

કાળા કોટ અને ધાતિયાધારી માસ્તરો , નામ મુલાયમ હોય પણ "સોટી વાગે ચમચમને વિધા આવે રૂમઝુમ " નું હાર્દ સંપૂર્ણપણે આત્મસાત કરી તેનું ચુસ્તપણે અમલ કરવામાં અગ્રેસર હતા. આવા માસ્તરો સપનામાં આવે તો પણ છોકરાઓને ચડીમાં ચોમાસું થઈ જતું!!જો કે માસ્તરોનો એક્લાનો વાંક હતો એવું કહીએ તો બાયસ્ડ સ્ટેટમેન્ટ લાગશે એમ નિશંકપણે કહેવું જ રહ્યું ! અમસ્તી તાળી પણ એક હાથે કયાં પડે છે? ખરૂં કે નહીં?છોકરાઓ વનેચર જેવા આવે. માસ્તરની ખુરશી પર કુવેચ ( અડકવાથી અસહય ખંજવાળ આવે એવી વનસ્પતિ)લગાવે, બ્લેકબોર્ડમાં માસ્તરના ઠઠ્ઠા ચિત્રો દોરે .એ પણ અરૂચિરર. ઊઠ્યા હોય એમ જ નાહ્યા ધોયા વિના, વાળ ઓળ્યા વિના નખ કાપ્યા વિના ઉઘાડાપગે હાલ્યા આવે. આમાં વિધા કોને અને કેવી રીતે ચડે? માસ્તરો શિક્ષણની નવી તરાહ કે કશું નવું જાણ્યા વિના ધકેલ પંચ દોઢસો ધકેલે રાખે. અધ્યયન અને અધ્યાપન કિસ ચિડિયા નામ હૈ? એટલા પ્રોફેશનલ કે નિહાળ છૂટવાનો બેલ પડે કે બોલતા વાક્યના બીજા થબ્દો કે અક્ષરો ગળફો ગળતા હોય તેમ ગળી જાય.!!

નેહાળમાં જાતજાતની વેજા આવે. તોફાનો પણ નવતર. કેટલાક તો વનેચર એસટી બસ ઉભી રહે કે પાછળની સીડી પર ચડી જાય અને ડ્રાઈવર બ્રેક મારે એટલે વિમાનની જેમ સેઈફ લેન્ડીંગ કરી સહીસલામત ઉતરી જાય. આવું (દુ) સાહસ જોઈ મીણબત્તીની ફડફડતી જ્યોતિમાં જેમ જીવડા જૌહર કરે તેમ બીજા વાંદરા પણ ઝંપલાવે. આમ, તો ભગલાએ છ સાત મહીના વિચાર્યું. પછી ભેંસના શિંગડામાં માથું નાખવા જેવું કામ કર્યું!!

અમરેલી શહેરમાં રાજ હોટલ જાણીતી. નાના બસ સ્ટેશનની બાજુમાં આવેલી. હોટલ તો નામની ચા-કોફી મળે. નાનખટાઈ, ભિસ્કૂટ ખારી શીંગ જેવી અરચૂરણ-પરચૂરણ આઈટમ મળી રહે. કોફીની શીશી કે પેકેટ ન હોય. કોફીની ગોળ ટીકડીઓ મળતી તેના ભૂકકો કરી દૂધમાં નાખવાનો!!

બધી બસો રાજકમલ હોટલે ઊભી રહે. ત્યાંથી ઉપડી સીધી સરકારી દવાખાનીની કંપાઉન્ડ વોલ પૂરી થાય એટલે વળાંક લઈ તારવાડીની ટાંકી બાજુ વળીને જેસીંગપરા તરફ જાય. સરકારી દવાખાનાની વોલના વળાંકે વચ્ચોવચ હનુમાનજીની દેરા હતી . જે રોડ ડીવાઈડરની ગરજ સારે. રોડની ડાબી બાજુ ધારાસભ્ય દ્વારકાદાસ પટેલ-દકુબાપાનું મકાન. બારણા અને લોખંડની જાળીમાં લીલો કલર કરેલો. ભગલો રાજકમલ હોટલે ઉભી બસની સીડીના બે પગથિયા ચડી ગયો. હાથથી સીડી મજબુતીથી પકડી. બસે હળવા ઘરઘરાટથી ટેઈક ઓફ કર્યું .ભગલાનો માંહ્યલો રોમાંચ, આલ્હાદકતામાં ગરક થઈરહ્યો હતો. ટ્રાંસ- સમાધિમાં હોય એવો અવર્ણનીય આનંદ. ભગવાને હનુમાનજી દેરીએ વળાંક લેતા વખતે બ્રેક મારતા બસ ધીમી થાય એટલે બસભિનિસ્ક્રમણ કરવાનું હતું. આગળ બે- ચાર વાહનો હશે એટલે ડ્રાઈવર અચાનક શોર્ટબ્રેક લગાવી. ભગલો બસની સીડી પર. એને આગળ કશું દેખાય નહી. બસ ધીમી પડી એટલે અ બાપડો ઉતરવા લાગ્યો અને બસની સ્પીડ વધી. તેના હાથ અડબડાયા. સીડીનો દાંડો છૂટી ગયો. ભગલો ન્યુટનના સફરજનની માફક ધડામ દઈને પડ્યો.ભગલો થોડો ઘસડાયો.ઉંધા માથે રોડ પર પડ્યો. બંને ગોઠણ છોલાયો. હાથની હથેળી છોલાઈ. આંખમાં આંસુઓના મોકતિક સરવા માંડ્યા. દફતર એટલે કાપડની થેલીમાં બાળપોથી ધોરણ ૩ , ગુજરાતી ગણિતની વેરવિખેર થયેલી ચોપડી, સ્લેટ પેન વગેરે ભેગું કરી ઘર તરફ રવાના થયો. કહે છે કે આપણી પહેલાં આપણા કર્મો કે કૃત્યો પાંખ લગાવી પહેલાં પહોંચે છે.તમે ચાલીને સફર કરો ને તે વિમાનવેગે ટ્રાવેલિંગ કરે. પછી શું થાય?

ભગલાની માએ ભગલાનું ભવ્ય સ્વાગત સાવરણી, ચપ્પલ , ધોલધપાટથી કર્યું. પડયા પર પાટુ તે આનું નામ. એ વખતે ધનૂરના ઈન્જીકસન, એન્ટીસેપ્ટીક ક્રીમ કે સોફરામાઈસીન ટયુબ જેવી કોઈ લકઝરી નહી. દવાખાને તો ગંભીર બિમારીમાં જવાનું . કાંટો લાગે તો કાંટો કાઢી ગોળ ,હળદર, મીઠું ગરમ કરી એક કપડાંમાં રાખી પગે પાટો બાંધી દેવાનો. આને ડોશી વૈદામાં ગોળનો ચપકો દીધો તેમ કહેવાય. પેટમાં દુખતું હોય તો દૂંટીએ ગોળ ચુનાનું ફાયું મારવાનું,ભગલાની માએ રૂ બાળીને ઘા પર લગાડયું. અકસીર ડોશીવૈદું કામે લાગ્યું. ઘા રૂધાઈ ગયો.ભીંગડું વળી ગયું. પણ પણ ભગલાના હ્દય પર લાગેલો ઘા આજે પણ રુઝાયો નથી. હવે તો એ રોડ પર હનુમાનજીની દેરી કે દકુબાપાનો બંગલો છે કે પણ ખબર નથી. જ્યારે કોઈ બસ સડસડાટ નીકળે ને બસની સીડી દેખાય એટલે ભગલાના માનસપટલ પર ફિલ્મની રીલની જેમ રિયલ પ્રસંગ દ્રશ્યમાન થાય છે અને આંખમાં ફૂલ પર ઝાંકળ બાજે એમ અશ્રુ બાજે છે ને ભગલો લાકડી લઈને જનાવર તગેડીએ તેમ શર્ટની બાંયથી અશ્રુ લૂથી નાંખે છે!!!

ભરત વૈષ્ણવ

( સત્ય ઘટના પર આધારિત).

---

## સ્વીકારે છે

બહાદુર બાબુ લોગ ચેકથી લાંચ સ્વીકારે છે,
ને પછી કટાણા મોઢે જાહેર જાંચ સ્વીકારે છે.
દરીયાના મોજા ગણવા કહો કે વાદળો ગણવા,
વાંચ્યા ગમે ત્યાં,ગમે ત્યારે,ગમે લાંચ સ્વીકારે છે
કહે છે કે સાચને આંચ કે જાંચ આવતી નથી,
આજકાલ સાચા મોટીમસ ખાંચ સ્વીકારે છે.
જેણે મુકી લાજ એનું નાનું સરખું રાજ હોય છે,
આખું પંખી માંગી છેવટે ચાંચ-બાંચ સ્વીકારે છે.
મોટી માછલી નાની માછલીને ગળી જાય છે,
દેડકાઓ કટકી કે કટકો રૂપે લાંચ સ્વીકારે છે.
ભરત વૈષ્ણવ

## શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના પ્રવર્તમાન આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજનું અમેરિકા લીબર્ટી એરપોર્ટ ઉપર ઐતિહાસિક સ્વાગત

"શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ" અંતર્ગત શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના પ્રવર્તમાન આચાર્યશ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજ સંતમંડળ સહિત અમેરિકા પધારતા નેવાર્ક લીબર્ટી એરપોર્ટ ઉપર શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્કોટીશ પાઈપ બેન્ડ - યુ.એસ.એ., એરપોર્ટ ઓફિસરો, અધિકારીશ્રીઓ તેમજ હરિભક્તોના મહેરામણ વચ્ચે હિન્દુ સનાતન ધર્મના શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્યશ્રીનું ઐતિહાસિક સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી સ્વામિનારાયણ ગાદી વર્લ્ડ વાઈડ સંસ્થાન દ્વારા દેશવિદેશમાં ભારતીય સંસ્કૃતિનો પ્રચાર અને પ્રસાર માટે વિચરણ કરવામાં આવી રહ્યું છે.

ત્યારબાદ પરમ પૂજ્ય આચાર્ય સ્વામીજી મહારાજ સિકાકસ મંદિરે પધારતાં સન્માન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મહંત સદ્ગુરુ શ્રી ભગવત્પ્રિયદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, પરમ પૂજ્ય આચાર્ય સ્વામીજી મહારાજની ચાતકની જેમ હરિભક્તઓ રાહ જોતા તે ઘડી હવે આવી ગઈ છે. ચંદ્ર જેમ સોળે કળાએ ખીલે તેમ અત્યારે સોળ સંતોનો સમૂહ પણ સોળે કળાએ ખીલી રહ્યો છે.પરમ પૂજ્ય આચાર્ય સ્વામીજી મહારાજે આ પ્રસંગે દિવ્ય આશીર્વાદ પાઠવ્યા હતા કે, કળિયુગમાં સુખમય, શાંતિમય, આનંદમય જીવન વ્યતિત કરવું હોય તો તે મનુષ્યે સંતસમાગમ, ભગવાનનું નામ સ્મરણ, કીર્તન ભક્તિ કરવું એ જ જીવન જીવવાનો સાચો રાજમાર્ગ છે. મહંત સદ્ગુરુ શ્રી ભગવત્પ્રિયદાસજી સ્વામી, સદ્ગુરુ શ્રી મુનિભૂષણદાસજી સ્વામી, શ્રી ધર્માભાઈ પટેલ - પ્રમુખ, શ્રી યશવંતભાઈ પટેલ - સેક્રેટરી, શ્રી બળદેવભાઈ પટેલ વગેરે મહાનુભાવો તથા પોલીસ ડીપાર્ટમેન્ટના અધિકારીશ્રીઓ તથા હરિભક્તોનો સમૂહ ઉપસ્થિત રહ્યો હતો.

### રમત-ગમતને પ્રોત્સાહન

# રમત ક્ષેત્રે ભારત શ્રેષ્ઠ પ્રદર્શન કરે તે હેતુથી SOU એકતા નગર ખાતે દેશની સૌ પ્રથમ 'રાષ્ટ્રીય પરિષદ' યોજાઈ

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં વિશ્વમાં રમત-ગમત ક્ષેત્રે ભારત શ્રેષ્ઠ પ્રદર્શન કરે તેના સામુહિક ચિંતન મંથન માટે દેશની સૌ પ્રથમ એવી રમત-ગમત અને યુવા બાબતોના મંત્રીઓની દ્વિ- દિવસીય પરિષદ સ્ટેચ્યુ ઓફ યુનિટી- એકતાનગર ટેન્ટસીટી ખાતે યોજાઇ હતી દેશના વિવિધ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના રમત-ગમત મંત્રીશ્રીઓ, રમત-ગમતના સચિવશ્રીઓ અને ભારત સરકારના સંબંધિત મંત્રાલયોના ઉચ્ચ અધિકારીશ્રીઓ આ પરિષદમાં સહભાગી થયા હતા.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ રાષ્ટ્રીય પરિષદના બીજા દિવસે કેન્દ્રીય રમત-ગમત અને યુવા બાબતોના મંત્રીશ્રી અનુરાગ સિંહ ઠાકુર, કેન્દ્રીય રમત-ગમત રાજ્યમંત્રીશ્રી નિશિથ પ્રમાણિક તેમજ ગુજરાતના રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ તથા ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવી વગેરેની ઉપસ્થિતિમાં આ પરિષદમાં જોડાયા હતા. મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના દિશા દર્શનમાં ભારતની ખેલ-કુદ ઈકો સિસ્ટમને વધુ સંગીન બનાવી ખેલ-કુદ વિશ્વના નકશે દેશને વધુ ઉંચુ સ્થાન અંકિત કરાવવામાં આ રાષ્ટ્રીય પરિષદમાં થયેલું વિચાર-મંથન અને નિષ્કર્ષ અતિ મહત્વપુર્ણ બનશે. શ્રી ભુપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના દિશા-દર્શનમાં ખેલો ઈન્ડિયા, ફિટ ઈન્ડિયા, આંતરાષ્ટ્રીય યોગ દિવસ જેવા નવતર અભિગમ અપનાવ્યા છે.તેનાથી દેશમાં રમત-ગમત અને ફિટનેશ પ્રત્યેની એક આખી નવી જ લહેર ઉભી થઇ છે. ખેલાડીઓને અદ્યતન તાલીમથી સજ્જ થઇ વિશ્વ કક્ષાની રમતોમાં ઉજ્જવળ દેખાવ માટેની તકો પ્રાપ્ત થઈ છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં આદરણીય વડાપ્રધાનશ્રીએ શરૂ કરાવેલી ખેલ મહાકુંભની ઉત્તરોતર સફળતા અને રાજ્યમાં સ્પોટર્સ કલ્ચર ઉભુ થયું છે તેની વિસ્તૃત છણાવટ કરી હતી. તાજેતરમાં ગુજરાત સ્પોર્ટ્સ પોલિસી પણ લોન્ચ કરી છે આ ક્ષેત્રમાં વિકાસના આગામી તબક્કાઓમાં આ પોલિસી માર્ગદર્શન આપશે.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી રમતવીરોને વૈજ્ઞાનિક તાલીમ આપવાનું એક સક્ષમ માધ્યમ બની છે અને સ્પોર્ટસ કારકીર્દી નિર્માણનું ક્ષેત્ર પણ બની છે. ગુજરાતમાં રમતગમતના લેન્ડસ્કેપના દરેક માળખાને સ્પર્શવા અને વાચા આપવા માટેના તમામ પ્રયાસો અમે કરી રહ્યા છીએ,એમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

દેશના દરેક રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો પોતાનો અલગ, વૈવિધ્યસભર ખેલકૂદ વારસો, પારંપારિક રમતોની વિરાસત ધરાવે છે.વર્તમાન સમયની અદ્યતન ટેક્નોલોજી સાથે જોડીને તેને સમયાનુકુલ ઓપ આપવાની જરૂરિયાત છે.આ પરિષદનું સામૂહિક વિચાર-મંથન એ દિશામાં ઉત્તમ પ્લેટફોર્મ બનશે. ખેલાડીઓ, કોચ, ટ્રેનર્સ અને અન્ય લોકોને તેમની સાચી ક્ષમતાનો અહેસાસ કરવામાં મદદ માટે વૈજ્ઞાનિક રીતે તાલીમ અને વૈજ્ઞાનિક જ્ઞાન આપવાની જરૂર છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું

આ રાષ્ટ્રીય પરિષદમાં કેન્દ્રીય રમત-ગમત અને યુવા બાબતોના મંત્રીશ્રી અનુરાગ સિંહ ઠાકુર, કેન્દ્રીય રમત- ગમત રાજ્યમંત્રીશ્રી નિશિથ પ્રમાણિક, ગુજરાતના રમત-ગમત, યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ તથા ગૃહરાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવી સહિત વિવિધ રાજ્યોના રમત-ગમત મંત્રીશ્રીઓ, રમત-ગમત વિભાગના કેન્દ્ર સચિવ શ્રીમતી સુજાતા ચતુર્વેદી અને કેન્દ્રીય યુવા બાબતોના સચિવશ્રી સંજીવકુમાર, ગુજરાતના રમત-ગમત અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના અગ્ર સચિવશ્રી અશ્વિનીકુમાર સહિત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના વરિષ્ઠ અધિકારીશ્રીઓ ઉપરાંત વિવિધ રાજ્યોના રમત-ગમત અને યુવા પ્રવૃત્તિઓ વિભાગના સચિવશ્રીઓ, કમિશ્નરશ્રીઓ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

### રાજ્યમાં જ્યાં જરૂર જણાય ત્યાં સિગ્નલ સ્કૂલ શરૂ કરવાની રાજ્ય સરકારની નેમ -:મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી અરવિંદ કુમારની પ્રેરક ઉપસ્થિતિમાં સિગ્નલ સ્કૂલના બાળકોનો શાળા પ્રવેશ કરાવ્યો



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, ટ્રાફિક સિગ્નલ પર ભિક્ષા વૃત્તિ કરતા વંચિત-દરિદ્ર બાળકો માટે 'ભિક્ષા નહીં શિક્ષા'નો અભિગમ પાર પાડી એક પણ બાળક શિક્ષણ મેળવવાથી બાકાત ન રહે તેવું આયોજન કરાશે. રાજ્યમાં જ્યાં જરૂર જણાય ત્યાં સિગ્નલ સ્કૂલ શરૂ કરવાની રાજ્ય સરકારની નેમ છે. છેવાડાના માનવીનું સંતાન પણ શિક્ષણ-કેળવણીની મુખ્યધારા સાથે જોડાય તેવા પ્રયત્નો સરકારે કર્યા છે, તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને હાઈકોર્ટના ચીફ જસ્ટિસ ન્યાયમૂર્તિ શ્રી અરવિંદકુમારની પ્રેરક ઉપસ્થિતિમાં અમદાવાદમાં પંડિત દીનદયાળ ઓડિટોરિયમ ખાતે ગુજરાત સિગ્નલ સ્કૂલનાં બાળકોનો શાળા પ્રવેશોત્સવ ઊજવાયો હતો.

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા મ્યુનિ. સ્કૂલ બોર્ડના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં શરૂ કરાયેલી સિગ્નલ સ્કૂલનાં ૧૩૯ બાળકોને આજે મહાનગરપાલિકાની પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ અપાયો હતો.

સિગ્નલ સ્કૂલના પ્રતિનિધિ રૂપ ૧૦ બાળકોને શૈક્ષણિક કિટ એનાયત કરવામાં આવી હતી તેમજ ૨ બાળકોને શાળા પ્રવેશનો પત્ર આપવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ચાર રસ્તા -સિગ્નલ પર ભિક્ષા માગતા બાળકો જ નહિ, પરંતુ વિચરતી જાતિના તેમજ અગરિયાનાં બાળકો સુધી પણ શિક્ષણ પહોંચે એ માટે રાજ્ય સરકારે વ્યાપક આયોજન કર્યું છે. પ્રાથમિક શિક્ષણ સૌને મળે તેમજ વંચિત, પીડિત, શોષિત કે વિચરતી જાતિના કોઈ બાળક શિક્ષણથી કે શાળા પ્રવેશથી બાકાત ન રહે તેવી આપણી નેમ છે. અગરિયા વિસ્તારમાં ૪૦ જેટલી સ્કૂલ ઓન વ્હીલ્સ અને વિચરતી જાતિના લોકો માટેની વસાહતોમાં શાળા અને હોસ્ટેલની સુવિધાઓ પણ આપી છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વધુમાં જણાવ્યું કે, આઝાદીના અમૃત મહોત્સવના વર્ષમાં બાળકોને શિક્ષણરૂપી અમૃત આપીને તેમનું જીવન ઘડતર કરાશે. બાળકનો શાળામાં પ્રવેશ સમાજ માટે ઉત્સવનું વાતાવરણ બને એવી પહેલ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના માર્ગદર્શનમાં ૨૦૦૩માં શાળા પ્રવેશોત્સવથી ગુજરાતમાં થઈ હતી. વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી શરૂ થયેલા આ શિક્ષણ સેવાયજ્ઞની ૧૭મી કડી આ વર્ષે ૨૩, ૨૪, અને ૨૫ જૂન દરમિયાન રાજ્યભરમાં યોજાઈ રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા બે દાયકામાં શિક્ષણનો મજબૂત પાયો નખાયો એના ખૂબ સારાં પરિણામો જોવા મળી રહ્યાં છે, એમ તેમણે ઉમેર્યું હતું.

આ વર્ષના પ્રવેશોત્સવની સફળતા અંગે વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે પ્રવેશોત્સવના બે દિવસમાં ધોરણ-૧માં ૩.૮૩ લાખથી વધુ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે તથા ૧.૮૮ લાખથી વધુ કન્યાઓએ શાળામાં પ્રવેશ મેળવ્યો છે, જ્યારે ૭૮,૦૦૦ બાળકોએ આંગણવાડીમાં પ્રવેશ મેળવ્યો છે, જે આનંદની વાત છે. ૨૦૦૩થી અત્યાર સુધી ઉજવાયેલા પ્રવેશોત્સવની સમગ્રતયા સફળતા અંગે વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે છેલ્લાં ૨૦ વર્ષમાં ડ્રોપ આઉટ રેશિયો ૩૭.૨૨%થી ઘટીને આજે ૩.૩૯% થયો છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે મેળવાયેલી સિદ્ધિઓની વાત કરતાં કહ્યું કે, છેલ્લાં ૨૦ વર્ષ પહેલાં ૨૧ યુનિવર્સિટી હતી, આજે ૧૦૩ થઈ ગઈ છે, કોલેજોની સંખ્યા ૭૭૫ થી ૩૧૧૭ સુધી વધી છે, એન્જિનિયરિંગ કૉલેજો ૨૬ હતી, તે વધીને આજે ૧૩૩ થઈ છે, ૩૧ પોલિટેક્નિક કૉલેજો હતી, આજે તેની સંખ્યા વધીને ૧૪૪ થઈ છે. પ્રોફેશનલ કૉલેજો ૧૦૮ હતી તે વધીને ૫૦૩ થઈ છે. મેડિકલ સીટો ૧૩૭૫ હતી, તે વધીને ૫૭૦૦ થઈ છે. તેમણે જણાવ્યું કે પ્રાથમિક શિક્ષણથી માંડીને ઉચ્ચ, ટેક્નિકલ શિક્ષણની સુવિધાઓ વધારતા જઈને રાજ્ય સરકારે સૌને શિક્ષણના અવસરો પૂરા પાડ્યા છે. આ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રી અરવિંદકુમારે સિગ્નલ સ્કૂલનો વિચાર કેવી રીતે આવ્યો તેનો કર્ણાટકનો પ્રસંગ યાદ કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પાસે આ વિચાર રજૂ કરતાં તેમણે ત્વરિત પ્રતિસાદ આપીને માત્ર ૧૫ દિવસમાં અમદાવાદમાં સિગ્નલ સ્કૂલ શરૂ કરાવી હતી, તેના પરિણામે આજે ૧૩૯ બાળકો મુખ્યધારાની શાળામાં પ્રવેશ મેળવી રહ્યા છે. સર્વગ્રાહી શિક્ષણ અંગેના વિચારને સાકાર થતો જોવો બેવડા આનંદની વાત છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

ચીફ જસ્ટિસશ્રીએ મુખ્યમંત્રીશ્રીને સમગ્ર રાજ્યમાં જરૂર જણાય ત્યાં 'ભિક્ષા નહિ શિક્ષા'ને ચરિતાર્થ કરતી સિગ્નલ સ્કૂલો કરવાનો અનુરોધ પણ કર્યો હતો. ચીફ જસ્ટિસશ્રીએ શિક્ષક અને ગુરુ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરતા શિક્ષકોને બાળકોના માત્ર ઈન્સ્ટ્રક્ટર નહિ, પરંતુ તેમના જીવન અને વ્યક્તિત્વના કન્સ્ટ્રક્ટર બનવા અનુરોધ કર્યો હતો. ન્યાયમૂર્તિશ્રીએ એક વાર્તા થકી દરેક શિક્ષકને માતા અને ગુરુ સમાન બનવાની પ્રેરણા પૂરી પાડી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદ શહેરના રસ્તાઓ પર જોવા મળતા ભિક્ષુક બાળકોને શાળાકીય શિક્ષણ અપાવવાના હેતુથી ગતવર્ષે ગુજરાત હાઈકોર્ટ અને અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા સિગ્નલ સ્કૂલ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવેલો જે અંતર્ગત આવા બાળકોને શરૂઆતમાં બ્રીજ કોર્ષથી ભણાવવામાં આવે છે અને ત્યારબાદ નજીકની શાળામાં પ્રવેશ અપાવવામાં આવે છે. શહેરના ૧૩૯ આવા બાળકોને મુખ્યમંત્રીશ્રીએ શાળા પ્રવેશ કરાવ્યો હતો જ્યારે નવા ૧૧૦ બાળકોનું સિગ્નલ સ્કૂલ માટે નામાંકન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અમદાવાદ શહેરના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, મ્યુનિસિપલ કમિશનર શ્રી લોચન સેહરા, ડેપ્યુટી મેયર શ્રી ગીતાબહેન પટેલ, ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના મેમ્બર સેક્રેટરી શ્રી આર. એ. ત્રિવેદી, સ્કૂલ બોર્ડના ચેરમેન ડૉ. સુજય મહેતા અને વાઈસ ચેરમેન શ્રી વિપુલભાઈ સેવક તથા મ્યુનિ.કોર્પોરેશન અને સ્કૂલ બોર્ડના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રણાસણ શ્રેષ્ઠ પ્રાથમિક શાળા ખાતે પ્રવેશ ઉત્સવ યોજાયો તેમજ તિથીભોજન અપાયું



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

વર્ષ ૨૦૦૩થી શરૂ થયેલું પ્રવેશ ઉત્સવ અત્યારે પણ ચાલુ છે ત્યારે પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના રણાસણ ગામે આજરોજ જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં અધિકારીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાઅત્રે યોજાયેલા પ્રવેશ ઉત્સવ દરમિયાન ધોરણ-૧માં નવનિયુક્ત વિદ્યાર્થીઓને નોટબુક ની કીટ આપવામાં આવી હતી તેમ જ બાલમંદિર તેમજ આંગણવાડીના ભૂલકાંઓને પણ કીટ આપવામાં આવી હતી ત્યારબાદ પ્રાસંગિક પ્રવચનમાં તાલુકા ભાજપ પ્રમુખ ઉપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે શાળામાં કોઈપણ જરૂરિયાત હોય તો મારું ધ્યાન દોરવું ત્યારે શિક્ષકો દ્વારા શાળામાં શિક્ષકોની ઘટ હોવાનું ધ્યાન દોર્યા હતા આ બાબતે તેઓએ ઘટતી કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા સદસ્ય દિપકભાઈ પટેલ, જિલ્લા સદસ્ય વિક્રમસિંહ ઠાકોર, તાલુકા પંચાયતના પ્રમુખ, તલાટી કમ મંત્રી, આશાવર્કર બહેનો, તેડાગર બહેનો,ચવેલી પીએચસીના ડોક્ટર ધીરેન ઠાકોર, રણાસણ સરપંચ,માજી સરપંચ તેમજ સમગ્ર અન્ય લોકો પણ ઉપસ્થિત રહ્યા હતા ત્યારબાદ વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો ત્યારબાદ સૌ સાથે મળી તીથી ભોજનનો લાભ લીધો હતો આ પ્રસંગે સમગ્ર રણાસણ પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા મન અને ધનથી આ પ્રસંગને શ્રેષ્ઠ બનાવ્યો હતો

### સ્માર્ટ સ્કૂલ ભિલોડા તાલુકાના ચુનાખાણ પ્રાથમિક શાળા ખાતે

# બાળકોને પ્રથમ ધોરણમાં પ્રવેશ અપાવતા જળસંપત્તિ અને કલ્પતરૂના સચિવશ્રી વી. બી. દેસાઈ



રાજ્યમાં ત્રણ દિવસથી ચાલી રહેલા કન્યાકેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ અંતર્ગત બાળકોને શાળામાં નામાંકન નો કાર્યક્રમ ચાલી રહ્યો છે. ત્યારે આજે ત્રીજા દિવસે ગુજરાત નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સચિવ શ્રી બી.બી દેસાઈએ ભિલોડા તાલુકાના પ્રાથમિક શાળા ખાતે બાળકોને પ્રથમ ધોરણમાં પ્રવેશ અપાવ્યો હતો.સાથે એક દિવ્યાંગ બાળકને પણ પ્રવેશ અપાવ્યો હતો.

સચિવશ્રીએ બાળકોને નિયમિત શાળામાં આવવા અને સારી કારકિર્દી ઘડતર માટે ની શુભેચ્છા પાઠવી હતી.આ પ્રસંગે સચિવશ્રીએ શૈક્ષણિક કીટનું વિતરણ કર્યું હતું. શાળામાંથી ખેલ મહાકુંભ ૨૦૨૨ યોજાયેલ ખેલ મહાકુંભમાં પહેલા બીજા અને ત્રીજા ક્રમે આવેલ દિવ્યાંગ બાળકોને તથા દાતાશ્રીઓને સન્માનવામાં આવ્યા હતા.

સચિવ શ્રી તથા મહાનુભાવોના હસ્તે શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું,તથા ટ્રાન્સપોર્ટેશન વાહનને લીલીઝંડી આપી પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સી.આર.સી શ્રી ચૌધરી,સમદર્શન શાળાના આચાર્ય શ્રી નરેન્દ્રભાઈ, તિથિ ભોજન ના દાતા, શ્રી જયંતીભાઈ બળેવિયા શ્રી નાનજીભાઈ બોડાત, શાળા વ્યવસ્થાપન સમિના અધ્યક્ષ શ્રીમતી ચંદ્રીકાબેન જોષીયારા, તથા શાળાના શિક્ષક, ગ્રામજનો અને શાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આહવાની મિલપાડા શાળા ખાતે ૩૮ બાળકોને શાળા પ્રવેશ કરાવતા શિક્ષણ સમિતિના અધ્યક્ષા શ્રીમતી નિલમ ચૌધરી



આહવાઃ તાઃ ૨૫ઃ

શાળા પ્રવેશોત્સવના અંતિમ દિવસે આહવાની મિલપાડા પ્રાથમિક શાળા ખાતે ૧૯ કુમાર, અને ૧૯ કન્યા મળી કુલ ૩૮ બાળકોને શાળા પ્રવેશ કરાવતા, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના અધ્યક્ષા શ્રીમતી નિલમ ચૌધરીએ, ઉપસ્થિત વાલીઓને તેમના બાળકોને ઉચ્ચ શિક્ષણ અપાવવાની અપીલ કરી હતી. આહવા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી દેવરામભાઈ જાદવ, સરપંચ શ્રી હરિચંદ ભોયે, મહિલા અગ્રણી શ્રીમતી સુમનબેન દળવી, સામાજિક કાર્યકર શ્રી સિદ્ધાર્થ હિરે, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી મણિલાલ ભૂસારા, ગ્રામ પંચાયતના સદસ્યો, વાલી સમિતિના સભ્યો, અને ગ્રામજનોની ઉપસ્થિતમા યોજાયેલા મિલપાડા પ્રાથમિક શાળાના શાળા પ્રવેશોત્સવ દરમિયાન, ઉપસ્થિત મહાનુભાવોએ બાળકોને કુમકુમ તિલક કરી શૈક્ષણિક કીટનુ વિતરણ કર્યું હતુ. શાળા પટાંગણમા વૃક્ષા રોપણ સાથે, મહાનુભાવોએ વાલી સમિતિના સભ્યો સાથે સંવાદ પણ સાધ્યો હતો. બાળકોએ પ્રાસંગિક વિચારો રજૂ કરી તેમની ક્ષમતાનો પરિચય આપ્યો હતો. મહાનુભાવોએ શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓનુ સન્માન કર્યું હતુ.

નરેન્દ્ર પવાર,ડાંગ જિલ્લા બ્યુરો,

# રોટરી ડી ૩૦૫૪ ના વાર્ષિક એવોર્ડ કાર્યક્રમમાં ૧૧ એવોર્ડ મેળવતી રોટરી કલબ પાટણ




રોટરી ડી ૩૦૫૪ ના તાજેતર માં યોજાયેલ વાર્ષિક એવોર્ડ કાર્યક્રમમાં રોટરી કલબ પાટણ ને ૧૧ જેટલા એવોર્ડ થી સન્માનિત કરવામાં આવી તે ઉપલબ્ધિ અને એવોર્ડ પ્રમુખ રાજેશભાઈ મોદી દ્વારા પત્રકાર મિત્રો ની ઉપસ્થિતિ માં ક્લબ ની રેગ્યુલર મિટિંગ મા પ્રસ્તુત કરવામાં આવ્યા

આ પ્રસંગે કલબ ટ્રેનર બાબુભાઈ પ્રજાપતિ એ વિસ્તારમાં માહીતી આપતા જણાવ્યું કે વર્ષો થી રોટરી ક્લબ પાટણ તેના સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા ડિસ્ટ્રિક્ટ ના એવોર્ડ કાર્યક્રમમાં માં છવાઈ જાય છે તેમ આ વર્ષે પણ ગૌરવ જાળવી રાખ્યું છે

ક્લબ પ્રેસિડેન્ટ રાજેશભાઈ ને આઉટ સ્ટેન્ડિંગ પ્રેસિડેન્ટ, સેક્રેટરી શૈલેષ ભાઈ સોની ને આઉટ સ્ટેન્ડિંગ સેક્રેટરી અને આસિસ્ટન્ટ ગવર્નર હરેશભાઈ પટેલ ને આઉટ સ્ટેન્ડિંગ એજી તરીકે એવોર્ડ બદલ કલબ અભિનંદન પાઠવેલ. સાથે સાથે આઉટ સ્ટેન્ડિંગ કલબ તરીકે એવોર્ડ મેળવી પાટણ નુ ગૌરવ વધાર્યું છે

રોટરી ઈન્ટરનેશનલ પ્રેસિડેન્ટ દ્વારા સુચવેલા તમામ ગોલ પુરા કરી પ્રેસિડેન્ટ સાયટેશન અને ગવર્નર ના સુચવેલા પ્રોજેક્ટ પુરા કરી ગવર્નર સાયટેશન મેળવવા એ રોટરી કલબ પાટણ માટે સફળતા પુર્વક ની કામગીરી નો અહેસાસ કરાવે છે

આ સિવાય પર્યાવરણ ક્ષેત્રે જાણીતા રોટરી તરુવન માટે, બ્રેસ્ટ કેન્સરના નિદાન સારવાર કેમ્પ, ચાઈલ્ડ ડેવલપમેન્ટ સહિત વિવિધ સેવાકીય પ્રવૃતિઓ માટે કુલ ૧૧ એવોર્ડ મેળવી રોટરી ક્લબ પાટણ એ ગૌરવ વધાર્યું છે



તા.૨૧ જૂન ૨૦૨૨ મંગળવાર સવારે ૧૧-૦૦થી ૧૨-૩૦ દરમ્યાન વિશ્વ યોગ દિવસની ઊજવણી ગાયત્રી પરિવાર નારણપુરા અને પતંજલિ યોગ સમિતિ ગુજરાતના સહયોગ દ્વારા નવા વાડજ વિસ્તારમાં અખબાર નગર સર્કલ પાસે આવેલ સ્મિત ચાઈલ્ડ એજ્યુકેશન સંસ્થાના મનોદિવ્યાંગ બાળકોની વચ્ચે રહીને તેઓને પ્રોત્સાહિત કરી આનંદ-ઉલ્લાસ પૂર્વક યોગ દ્વારા ઉજવવામાં આવી હતી જયારે ગુજરાત દર્દી લોક કલ્યાણ ટ્રસ્ટ અમદાવાદ દ્વારા વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ફૂલસ્કેપ નોટબુક ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું ત્યારબાદ ગાયત્રી પરિવાર નારણપુરા તરફથી મઝાનું ભોજન પણ પીરસવામાં આવ્યું હતું.

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ રવિવારે ૨૬મી જૂને

# રાજ્યમાં ૬૬ કે.વી. ના વધુ ૪ સબ સ્ટેશનના ઝઘડિયાથી એક સાથે લોકાર્પણ કરશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ રવિવારે તા. ૨૬મી જૂને રાજ્યના અમદાવાદ, ભરૂચ અને સાબરકાંઠા જિલ્લામાં બનેલા ૬૬ કે.વી. ક્ષમતાના ૪ વીજ સબસ્ટેશનના એક સાથે લોકાર્પણ ભરૂચ જિલ્લાના ઝઘડીયાથી કરશે. આ સબસ્ટેશન કુલ રૂા. ૩૨ કરોડના ખર્ચે નિર્માણ પામ્યા છે અને અમદાવાદ જિલ્લાના દસક્રોઈ, ભરૂચના ઝઘડીયા તથા સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના ૪૫ ગામોના કુલ ૨૪ હજાર વીજ ગ્રાહકોને ગુણવત્તા યુક્ત વીજળી પૂરી પાડશે.

મુખ્યમંત્રીશ્રી રવિવાર, તા. ૨૬મી જૂન-૨૦૨૨ના સવારે ૯.૩૦ વાગ્યે ભરૂચના ઝઘડીયાથી ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, માર્ગ અને મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદી તથા સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં આ સબસ્ટેશનના લોકાર્પણ સંપન્ન કરશે. આ ઉપરાંત ભરૂચના વાલિયામાં ૭.૬૨ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ થનારા ૬૬ કે.વી. સબસ્ટેશનનું ભૂમિપૂજન પણ શ્રી ભૂપેન્દ્ર પટેલ કરશે. રાજ્યના અંતરિયાળ વિસ્તારોના ગામોમાં પણ ગુણવત્તા યુક્ત વીજ પૂરવઠો આપવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા સાથે પાછલા ૨૦ દિવસમાં રાજ્યમાં નવા ૨૨ વીજ સબસ્ટેશનના લોકાર્પણ કરવામાં આવ્યા છે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, અમદાવાદ જિલ્લામાં હાલ ૮૫, ભરૂચમાં ૬૨ અને સાબરકાંઠામાં ૫૯ વીજ સબસ્ટેશન કાર્યરત છે. આવનારા બે વર્ષોમાં આ ત્રણેય જિલ્લામાં કુલ મળીને ૩૯ નવા સબસ્ટેશન નિર્માણ કરવાનું રાજ્ય સરકારનું આયોજન છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.